RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 212* Date: 23.05.2023, Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

ભારત પાપુઆ ન્યુ ગિનીનું વિશ્વસનીય ભાગીદાર છે.: નરેન્દ્ર મોદી

## એક કુટુંબ, એક ભવિષ્ય એ આપણો મંત્ર છે, આખું વિશ્વ આપણા માટે એક કુટુંબ છે : વડાપ્રધાન

(એ.આર.એલ),પાપુઆ,તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે પાપુઆ ન્યુ ગિનીમાં ઈન્ડિયા-પેસિફિક આઈલેન્ડ કોઓપરેશન સમિટમાં હાજરી આપી હતી. સમિટમાં પોતાની વાત રાખતા પીએમ મોદીએ કહ્યું કે ભારત માટે સમગ્ર વિશ્વ એક પરિવાર સમાન છે. એક પરિવાર, એક ભવિષ્ય એ આપણો મુખ્ય મંત્ર છે. આપણા માટે આખી દુનિયા એક પરિવાર સમાન છે. ભાઈ ભારતે કોરોનાના સમયમાં ઘણા દેશોને મદદ કરી.

પીએમ મોદીએ કહ્યું કે ભારત પાપુઆ ન્યુ ગિનીનું વિશ્વસનીય ભાગીદાર છે. અમે અમારા દેશવાસીઓને મદદ કરીએ છીએ. આ સાથે તેમણે તમામ દેશોને સોલાર એલાયન્સમાં સામેલ થવાની અપીલ પણ કરી હતી. તેમણે કહ્યું કે અમે તમારી અખંડિતતા અને સાર્વભૌમત્વનું સન્માન કરીએ છીએ અને ભારત વિવિધતામાં વિશ્વાસ રાખે છે. ભારત દરેક પ્રકારની મદદ માટે તૈયાર છે. જણાવી દઈએ કે આ સમિટમાં ૧૪ દેશોએ ભાગ લીધો છે.

સમિટમાં કોરોનાની અસરનો ઉલ્લેખ કરતા વડાપ્રધાને કહ્યું કે, વૈશ્વિક દક્ષિણ દેશો પર રોગચાળાની સૌથી વધુ અસર જોવા મળી છે. ક્લાઈમેટ ચેન્જ, કુદરતી આફતો, ભૂખમરો, ગરીબી અને સ્વાસ્થ્ય સંબંધિત પડકારો પહેલાથી જ હતા, હવે ઈંધણ, ખાતર અને ફાર્મા સંબંધિત નવી સમસ્યાઓ ઊભી થઈ રહી છે.

વિકાસ અને ભાગીદારી વિશે વાત કરતા પીએમ મોદીએ કહ્યું કે તમે ભારતને વિશ્વસનીય ભાગીદાર તરીકે ગણી શકો છો. અમે અમારો અનુભવ અને ક્ષમતાઓ તમારી સાથે ખચકાટ વિના શેર કરવા તૈયાર છીએ. ભારત બહુપક્ષીયવાદમાં માને છે અને મુક્ત, ખુલ્લા અને સમાવેશી ઈન્ડો-પેસિફિકને સમર્થન આપે છે.

મોદી પાપુઆ ન્યુ ગિની પહોંચતા જ તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું, જેને દુનિયા જોતી રહી. આ પહેલાં ભાગ્યે જ એવું બન્યું છે કે જ્યારે કોઈ રાજ્યના વડાએ બીજા દેશના રાજ્યના વડાના પગને સ્પર્શ કર્યો હોય. પાપુઆ ન્યુ ગીનીના વડાપ્રધાને પીએમ મોદીના પગ સ્પર્શતાની સાથે જ તેમને ગળે લગાવ્યા હતા. આ ઉપરાંત ભારતના વડાપ્રધાનના સ્વાગત માટે પ્રોટોકોલમાં પણ ફેરફાર કરવામાં આવ્યો હતો. વાસ્તવમાં, પાપુઆ ન્યુ ગિનીમાં આજ સુધી અન્ય કોઈ દેશના નેતાનું સૂર્યાસ્ત પછી સ્વાગત કરવામાં આવ્યું નથી. સૂર્યાસ્ત પહેલા પહોંચવાનું હોય છે, પરંતુ પીએમ મોદી માટે આ પરંપરા તૂટી ગઈ હતી.વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે પપુઆ ન્યૂ ગિનીમાં પેસિફિક દેશો સાથે ભારતના સંબંધો સુધારવા માટે રચાયેલ ઈન્ડિયા પેસિફિક આઈલેન્ડ કો-ઓપરેશન ફોરમમાં જોડાયા હતા. બંને દેશો મળીને આનું આયોજન કરી રહ્યા છે. સમિટનું ઉદ્દઘાટન કરતાં પપુઆ ન્યૂ ગિનીના વડાપ્રધાન જેમ્સ મરાપે જણાવ્યું હતું કે ભારત ગ્લોબલ સાઉથ એટલે કે વિકાસશીલ અને ગરીબ દેશોનું લીડર છે. આપણે બધા વિકસિત દેશોના પાવર પ્લેનો ભોગ બનીએ છીએ. આ મુલાકાત દરમિયાન રિપબ્લિક ઓફ પલાઉ અને ફિજીએ પાપુઆ ન્યૂ ગિનીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમના દેશનો સર્વોચ્ચ અવોર્ડ આપ્યો છે. પલાઉના પ્રેસિડેન્ટ સુરજેલ એસ વ્હીપે પીએમને ઈબાકલ અવૉર્ડ એનાયત કર્યો છે અને ફિજીએ 'કમ્પેનિયન ઓફ ધ ઓર્ડર ઓફ ફિજી' એનાયત કર્યો છે. મરાપે બાદ પીએમ મોદીએ પણ વિકસિત દેશોનું નામ લીધા વગર નિશાન સાધ્યું. તેમણે કહ્યું, 'કોરોનાની સૌથી વધારે અસર ગ્લોબલ સાઉથ એટલે કે વિકાસશીલ દેશો પર પડી છે. ક્લાઈમેટ ચેન્જ, કુદરતી આફતો, ભૂખમરો અને ગરીબી પહેલાંથી જ ઘણા પડકારો હતા, હવે નવી સમસ્યાઓ ઊભી થઈ રહી છે. પીએમ મોદીએ કહ્યું, 'આ સમય દરમિયાન અમે જેમના પર વિશ્વાસ કર્યો તેઓ મુશ્કેલીના સમયમાં અમારી સાથે ઊભા નહોતા. જ્યારે ભારત મુશ્કેલ સમયમાં પેસિફિક ટાપુઓના દેશો સાથે ઊભું હતું.'

પીએમ નરેન્દ્ર મોદી રવિવારે સાંજે પપુઆ ન્યુ ગિની પહોંચ્યા હતા. રાજધાની પોર્ટ મોરેસ્બીમાં વડાપ્રધાન જેમ્સ મરાપે દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મરાપેએ મોદીના ચરણ સ્પર્શ કરીને સ્વાગત કર્યું હતું. આ પછી એરપોર્ટ પર જ વડાપ્રધાન મોદીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. આ ઈન્ડો પેસિફિક ક્ષેત્રની કોઈ ભારતીય વડાપ્રધાનની આ પ્રથમ મુલાકાત છે. પીએમ મોદી ૨૧ મેના રોજ પાપુઆ ન્યુ ગિની પહોંચ્યા હતા. રાજધાની પોર્ટ મોરેસ્બીમાં પીએમ જેમ્સ મરાપે દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મરાપેએ મોદીના ચરણ સ્પર્શ કરીને સ્વાગત કર્યું હતું.

પીએમ નરેન્દ્ર મોદી ૨૩ મેના રોજ ઓસ્ટ્રેલિયા જવા રવાના થશે. અહીં તેઓ ભારતીય સમુદાયના લોકોને સંબોધિત કરશે. ૨૪મી મેના રોજ ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્ટની અલ્બેનીઝને મળશે. ૨૫મીએ સવારે દિલ્હી પરત ફરશે.

## ડીજીવીસીએલની પરીક્ષામાં ગેરરીતિ મામલામાં બે આરોપીઓ ૫ દિવસના રિમાન્ડ પર

(એ.આર.એલ),સુરત,તા.૨૨

સુરતની ડીજીવીસીએલની પરીક્ષામાં ગેરરીતિ મામલામાં ઝડપાયેલા બે આરોપીઓને ૫ દિવસના રિમાન્ડ પર મોકલવામાં આવ્યા છે. ત્યારે આરોપીની પૂછપરછમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. પરીક્ષામાં ગેરરીતિ માટે એક જ સીપીયુથી બે મોનીટર ઓપરેટ થયા હોવાનું સામે આવ્યુ છે. સાથે જ ક્રાઈમબ્રાન્ચે સર્ચ દરમિયાન સીપીયુ કબ્જે કર્યા છે. ઉમેદવાર દીઠ ૭થી ૧૦ લાખ રૂપિયા પડાવ્યા હોવાનું પણ સામે આવ્યુ છે.

બીજી તરફ સુરતમાં વીજ કંપનીમાં જુનિયર ક્લાર્કની પરીક્ષાના કૌભાંડમાં રાજકોટ કનેક્શન સામે આવ્યું છે. રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓમાં વધુ એક મોટો ઘટસ્ફોટ થયો હતો. રાજ્ય સરકારની વીજ કંપનીઓ દ્વારા જે પ્રકારે ઓનલાઈન પરીક્ષા લેવામાં આવી રહી હતી એમાં મોટું કૌભાંડ આચરવામાં આવ્યો હોવાનો ઘટસ્ફોટ થયો જે બાદ આ કેસમાં તપાસ કરતાં રાજકોટ કનેક્શન સામે આવ્યું છે. જે.જે. કુંડલિયા કેમ્પસમાં આવેલી સકસેસ ઈન્ફોટેક ઓફિસમાં છેતરપિંડી ચાલતી હોવાનો ખુલાસો થયો છે. સુરત ક્રાઈમ બ્રાન્ચમાં પરીક્ષાઓમાં ગેરરીતિ મામલામાં ક્રાઈમ બ્રાન્ચમાં ૧૧ લોકો સામે ફરિયાદ નોંધાઈ હતી. જેમાંથી ક્રાઈમ બ્રાન્ચે ૨ લોકોની ધરપકડ કરી છે. ડીજીવીસીએલ વિભાગની જુનિયર ક્લાર્કની પરીક્ષામાં ગેરરીતિ થઈ હતી. જે મામલામાં સુરત બહારના શહેરોમાંથી આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીઓએ માત્ર સુરત જ નહીં વડોદરા અને અમદાવાદમાં પણ ગેરરીતિ આચરી હતી. પોલીસે ઈન્દ્રવદન અશ્વિનભાઈ પરમાર અને ઓવેશ મોહંમદરફીક કાપડવાલા જે સુરત શહેરમાં વરાછા રોડ ખાતે આવેલા "સારથી એકેડેમી"ના માલિક છે તેની ધરપકડ કરી હતી. અગાઉ સુરત ક્રાઈમ બ્રાન્ચને મળેલી માહિતી મુજબ, તપાસ કરતાં રૂપિયા કમાઈ લેવાની લાલસામાં કેટલાક શખસોએ ટોળકી બનાવીને આખું કૌભાંડ આચાર્યું હોવાનું સામે આવ્યું હતું. વીજ વિભાગની જુનિયર ક્લાર્કની એક્ઝામમાં સુરતની એકેડમીના માલિક સહિત બેની ધરપકડ કરી ક્રાઈમ બ્રાન્ચે કાર્યવાહી કરી હતી. મહત્વનું છે કે આ બાતતે વધુ તપાસ કરતાં રાજકોટ કનેક્શન સામે આવ્યું છે. તા. ૦૯, ડિસેમ્બર ૨૦૨૦ થી તા. ૦૬ જાન્યુઆરી ૨૦૨૧ દરમિયાન અલગ-અલગ તારીખોએ લેવામાં આવેલી ઓનલાઈન પરીક્ષા પ્રક્રિયામાં આરોપીઓ, પરીક્ષા કેન્દ્રના માલિકો અથવા કોમ્પ્યુટર લેબના ઈન્ચાર્જ તથા તેમના મળતીયા તથા એજન્ટો દ્વારા એકબીજાના મેળાપીપણામાં આર્થિક લાભ મેળવવા કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો ઘટસ્ફોટ થયો છે.

માફી માંગી લે તો અમે હાથ પણ નહીં લગાવીએ

## પાટીલના ગઢમાં ભાજપ-કોંગ્રેસ ધારાસભ્ય બાખડ્યા, બબાલ વધતા પોલીસ કોંગ્રેસ ધારાસભ્યને કોર્ડન કરી લઈ ગઈ

(એ.આર.એલ),બારડોલી,તા.૨૨

મહુવા તાલુકાના વસરાઈ ગામે આદિવાસી સમાજના લડાયક નેતા અને વાંસદાના ધારાસભ્ય અનંત પટેલ અને અન્ય સામાજિક કાર્યકરોને એક સામાજિક કાર્યક્રમમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા. જ્યાં મહુવાના ધારાસભ્ય મોહન ઢોડિયા, વાંસદાના ધારાસભ્ય અનંત પટેલ સહિત અનેક રાજકીય આગેવાનો હાજર રહ્યા હતા. દરેક આગેવાનો પોતાનું વક્તવ્ય આપતા હતા અને ત્યારબાદ અચાનક જ ચાલુ કાર્યક્રમમાં જાહેર સ્ટેજ પરથી મહુવાના ધારાસભ્ય મોહન ડોઢિયા વિશે એવી તો શું ટિપ્પણી કરવામાં આવી કે, આદિવાસી લડાયક નેતા અને વાંસદાના ધારાસભ્ય અનંત પટેલને પોલીસ બંદોબસ્ત વચ્ચે લઈ જવાયા. આવો જાણીએ આ અહેવાલમાં..

સુરત જિલ્લાના મહુવા તાલુકાના વસારાઈ ગામે દિશા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા એક સામાજિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જ્યાં આદિવાસી સમાજના લડાયક નેતા અને વાંસદા વિધાનસભાના કોંગ્રેસના ધારાસભ્ય અનંત પટેલ તેમજ મહુવાના ધારાસભ્ય મોહન ઢોડિયા સહિત અનેક આગેવાનોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સમાજને નવી દિશા બતાવવા માટે યોજવામાં આવ્યો હોવાનો હેતુ હતો. જેની સામે દરેક આગેવાનોએ પોતાના વક્તવ્ય દ્વારા લોકોને સંબોધ્યા હતા. જેમાં સૌ પ્રથમ મહુવાના ધારાસભ્ય મોહન ઢોડિયાએ પોતાનું વક્તવ્ય આપ્યા બાદ વાંસદાના ધારાસભ્યએ વક્તવ્ય આપતા મામલો બીચક્યો હતો.

મોહન ઢોડિયાએ દિશા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં પોતાના વક્તવ્ય દરમિયાન આદિવાસી સમાજને એક નવી દિશા બતાવવાની વાત કરી હતી. જે બાદ વાંસદાના ધારાસભ્યે પોતાના વક્તવ્યમાં મોહન ઢોડિયાની વાત પર ટિપ્પણી કરતાં જણાવ્યું હતું કે, દિશા ફાઉન્ડેશનને દિશા બતાવવાની જરૂર નથી. મોહનભાઈ તમને દિશા બતાવવાની જરૂર છે. અમે કોઈ દિવસ કેસરી ટોપી પહેરવાના નથી, અમે ફક્ત ફાળિયું જ પહેરવાના છીએ અને તેમાં જ ખુશ છીએ. અમે ફાળિયા જોડે રહેશું, ફાળિયા જોડે મરીશું અને તેનું કફન બનાવી ઓઢી લઈશું. અનંત પટેલ દ્વારા સામાજિક કાર્યક્રમ દરમિયાન સમાજને નવી દિશા બતાવવાની જગ્યાએ ભાજપ પર પ્રહાર કરતું વક્તવ્ય કરતાં મામલો ગરમાયો હતો. જો અત્રે ઉલ્લેખનીય છે કે, મોહન ઢોડિયા અનંત પટેલના વક્તવ્ય પહેલાં જ કાર્યક્રમમાંથી ચાલ્યા ગયા હોવાથી ભાજપના કાર્યકરોએ અનંત પટેલનો વિરોધ નોંધાવ્યો હતો. ક્ષણવારમાં લોકટોળું એકઠું થઈ જતાં મામલો ગરમાયો હતો અને પોલીસ બોલવવાની ફરજ પડી હતી. જ્યાં અનંત પટેલને પોલીસે કોર્ડન કરી સ્ટેજ પરથી ઉતાર્યા બાદ જીપમાં બેસાડ્યા હતા, પરંતુ મોહન ઢોડિયાના સમર્થકોએ અનંત પટેલ માફી માગે તેવી માગ કરી હતી. જ્યાં તેમણે પોલીસની જીપ આગળ ઊભા રહી જઈ વિરોધ નોંધાવ્યો હતો અને જણાવ્યું હતું કે, જો અનંત પટેલ માફી માંગી લેશે તો અમે તેમને હાથ પણ નહીં લગાવીએ. જો કે, આ વાતનો અનંત પટેલે સાફ ઈકાર કરી માફી માંગવાની ના પાડી હતી. મામલો વધુ ગરમાતા અનંત પટેલ સહિત બંને પક્ષોના આગેવાનો સમાજ ભવનના હોલમાં ગયા હતા. જ્યાં અનંત પટેલને આ બાબતે માફી માંગવાનું કહેતા તેમણે સ્પષ્ટ ના કીધું હતું. બાદમાં હાજર આગેવાનોએ મધ્યસ્થી કરી વિવાદ પૂરો કર્યો હતો. ત્યારે આ બાબતે મહુવા પોલીસ મથકનાઁ જે.એ. બારોટ સાથે વાતચીત કરતાં તેમણે જણાવ્યું હતું કે, સમાજની ઓફિસમાં જઈને આયોજક પાસે પોલીસે મહુવાના ભાજપના ધારાસભ્યને ફોન કરાવ્યો અને આ મામલે પૂછ્યું તો ધારાસભ્ય મોહન ઢોડિયાએ એવું કહ્યું, અમારે આવું ચાલ્યા કરે છે મને કંઈ પ્રોબ્લેમ નથી. જેથી મામલો થાળે પડ્યો હતો. ત્યારબાદ રોષે ભરાયેલા કાર્યકરો સાથે ધારાસભ્ય મોહન ઢોડિયાએ વાત કરી અને તેમને સમજાવ્યા હતા.

## ગુજરાતના જૈન મંદિરમાં થયો ચમત્કાર, મહાવીર સ્વામીના કપાળે દેખાયું સૂર્યતિલક

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૨૨

કોબા ખાતે આવેલા મહાવીર જૈન આરાધના કેન્દ્ર ખાતે વર્ષમાં એક જ વાર થતી અલૌકિક ખગોળિય ઘટના જોવા માટે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. અહીં વર્ષમાં એકવાર થતી ખગોળિય ઘટનામાં સૂર્યના કિરણો બપોરે જિનાલયમાં સ્થાપિત પ્રભુ મહાવીરની પ્રતિમા પર તિલક કરતાં હોય તેવું દ્રશ્ય સર્જાયુ હતું. જિનાલય પ્રશાસન દ્વારા ભક્તોને આ ઘટના નિહાળવા વિશેષ વ્યવસ્થા કરાઈ હતી. આ ઘટના ક્લોઝ સર્કિટ કેમેરાથી જોઈ શકાય તેવી પણ વ્યવસ્થા પણ કરાઈ હતી.

અહીં જૈનોના ચોવીસમાં તીર્થકર શ્રી મહાવીરસ્વામીની શ્વેત આરસની પદ્માસન મુદ્રાની ૪૧ ઈંચની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાઈ છે. ૨૨મેના રોજ બપોરે ૨ વાગીને ૭ મિનીટે અહીં ભક્તો ભાવપૂર્વક મહાવીર પ્રતિમાને વંદન કરીને 'ત્રિશલાનંદન વીર કી.. જય બોલો મહાવીર કી...' ગાન કરતાં હતા. ત્યારે અચાનક ગર્ભગૃહમાં મહાવીરસ્વામીના લલાટ પર સૂર્યકિરણો પથરાતાં દેરાસર ઘંટારવથી ગાજી ઊઠ્યું હતું. સ્વયં સૂર્યદેવ મહાવીરસ્વામી પ્રભુની પ્રતિમા પર તિલક કરતાં હોય એવું એક અલૌકિક દ્રશ્ય રચાયું હતું. જે સુર્યતિલક તરીકે ઓળખાય છે. આ અદભુત સૂર્યતિલકની ઘટના ગુરુસ્મૃતિ અને ગુરુભક્તિનું અજોડ પ્રતીક બની છે. જોકે આ કોઈ ચમત્કાર નહીં પરંતુ સાયન્ટિફિક યોગ છે. કૈલાશ સાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબની યાદમાં શિષ્યએ જૈન આરાધના કેન્દ્ર બનાવ્યું છે, જ્યાં આજના દિવસે બપોરે ૨ વાગીને ૭ મિનિટે ભગવાન મહાવીર સ્વામીના લલાટ પર સૂર્ય તિલક થાય છે. છેલ્લાં ૩૩ વર્ષથી અદભૂત સુર્યતિલક કોબાના જૈન મંદિરમાં ૨૨ મેના દિવસે જોવા મળે છે.

૧૭ દેશોના ૬૦ પ્રતિનિધિઓ કાશ્મીર પહોંચ્યા, ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું

## કાશ્મીરમાં જી-૨૦ની બેઠક શરૂ: અભિનેતા રામ ચરણે પ્રતિનિધિઓ સાથે નાટુ-નાટુ ઉપર ડાન્સ કર્યો

(એ.આર.એલ),શ્રીનગર,તા.૨૨

કાશ્મીરના શ્રીનગરમાં આજથી જી-૨૦ ટુરિઝમ વર્કિંગ ગ્રુપની બેઠક શરૂ થઈ છે. ચીન, ચીન, સાઉદી અરેબિયા, તુર્કી, ઈન્ડોનેશિયા અને ઈજીપ્ત સહિત ૫ દેશો આ બેઠકમાં ભાગ લઈ રહ્યા નથી. તો, સમિટ માટે શ્રીનગર પહોંચેલા અન્ય વિદેશી પ્રતિનિધિઓનું એરપોર્ટ પર પરંપરાગત પોશાકમાં કાશ્મીરી યુવતીઓએ સ્વાગત કર્યું હતું. આ દરમિયાન, મીટિંગમાં પહોંચેલા અભિનેતા રામ ચરણ તેજાએ કહ્યું હતું કે 'કાશ્મીરમાં કંઈક જાદુ છે. હું ૧૯૮૬થી ઘણી વખત અહીં આવ્યો છું. મારા પિતા ફિલ્મોના શૂટિંગ માટે ગુલમર્ગ અને સોનમર્ગ આવતા હતા. હું પોતે ૨૦૧૬માં અહીં શૂટિંગ માટે આવ્યો હતો.' આ પછી, તેમણે તેમની ફિલ્મ આરઆરઆરના પ્રખ્યાત ગીત 'નાતુ-નાટુ' પર પ્રતિનિધિઓ સાથે ડાન્સ કર્યો હતો. અગાઉ,જી-૨૦ ઈન્ડિયન પ્રેસિડન્સીના મુખ્ય સંયોજક, હર્ષવર્ધન શ્રિંગલાએ કહ્યું હતું કે આ બેઠકમાં ભાગ લેનારા પ્રતિનિધિઓ અહીં આવી શકશે અને જોઈ શકશે કે પૃથ્વી પરનું સ્વર્ગ કેવું છે. પ્રવાસન કાર્યકારી જૂથની આ બેઠક ૨૨થી ૨૪ મે દરમિયાન યોજાશે. એક અહેવાલ મુજબ કાશ્મીરના યુવાનોને વિશ્વાસ છે કે આ બેઠક બાદ કાશ્મીરમાં વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં ઝડપથી વધારો થશે.દરમિયાન, પાકિસ્તાનના વિદેશ પ્રધાન બિલાવલ ભુટ્ટો ત્રણ દિવસની મુલાકાતે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે) પહોંચ્યા હતાં અને તેઓ લોકોને સંબોધિત કર્યા હતાં. દરમિયાન જી-૨૦ બેઠક પહેલાં શ્રીનગરમાં કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. સમગ્ર વિસ્તારમાં મોટી સંખ્યામાં સૈન્ય દળો તહેનાત કરવામાં આવ્યાં છે.એનઆઈએ અનુસાર, ઉબેદ કુપવાડાનો રહેવાસી છે. તે પાકિસ્તાનમાં બેઠેલા જૈશ કમાન્ડરના સતત સંપર્કમાં હતો. તે જૈશ કમાન્ડરને ગુપ્ત માહિતી આપતો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. માહિતી ઉપરાંત તે સુરક્ષા દળોની હિલચાલની માહિતી પણ મોકલી રહ્યો હતો. શ્રીનગરમાં સોમવારે જી-૨૦ દેશોના પર્યટન કાર્યકારી જૂથની ત્રીજી બેઠકની શરૂઆતને ધ્યાનમાં રાખીને અહીંના બસ ટર્મિનલ સહિત જાહેર સ્થળો પર સુરક્ષા કડક કરવામાં આવી છે. આ પહેલા દિવસે ૧૭ દેશોના લગભગ ૬૦ વિદેશી પ્રતિનિધિઓ શ્રીનગર પહોંચ્યા હતા. ઓગસ્ટ ૨૦૧૯ માં અનુચ્છેદ ૩૭૦ ની મોટાભાગની જોગવાઈઓ નાબૂદ કરવામાં આવ્યા પછી અને અગાઉના રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશો - જમ્મુ કાશ્મીર અને લદ્દાખમાં વિભાજિત કર્યા પછી જમ્મુ અને કાશ્મીરમાં આ પહેલી આંતરરાષ્ટ્રીય બેઠક છે. અધિકારીઓએ જણાવ્યું કે શહેરભરમાં નાકા લગાવવામાં આવ્યા છે જ્યાં વાહનોને રોકીને તલાશી લેવામાં આવી રહી છે. તેમના જણાવ્યા અનુસાર, લોકોની સ્ક્રીનિંગ સઘન બનાવવામાં આવી છે અને બસ ટર્મિનલ પર તેમની ઓળખની તપાસ કરવામાં આવી રહી છે. અધિકારીઓએ જણાવ્યું કે ઘૂસણખોરીની આશંકાઓ બાદ સરહદી જિલ્લાઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને પૂંચ, કઠુઆ, રાજૌરી અને સાંબા જિલ્લામાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ઘટના કોઈ અનિચ્છનીય ઘટના વિના યોજાય તે માટે ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.ચીને આ જી-૨૦ બેઠકમાં ભાગ લેવાનો ઈનકાર કરી દીધો છે. ચીનનું કહેવું છે કે તે વિવાદાસ્પદ ક્ષેત્રમાં કોઈપણ પ્રકારની જી-૨૦ બેઠકનો સખત વિરોધ કરે છે. ચીનના આ નિવેદન સામે ભારતે વાંધો ઉઠાવ્યો છે. પાડોશી દેશને જવાબ આપતાં ભારતે કહ્યું- તે પોતાના ક્ષેત્રમાં મિટિંગ કરવા માટે સંપૂર્ણપણે સ્વતંત્ર છે. આ પહેલાં માર્ચમાં જ્યારે જી-૨૦ની બેઠક અરુણાચલ પ્રદેશમાં થઈ હતી ત્યારે પણ ચીને બેઠકમાં ભાગ લીધો ન હતો, ત્યારે પાકિસ્તાને ચીનના આ બાયકોટનું સમર્થન કર્યું હતું.યુરોપિયન યુનિયન મળીને જી-૨૦ની રચના કરે છે. આમાં ૨૦ દેશના વડાઓની વાર્ષિક બેઠક યોજાય છે, જેને જી-૨૦ સમિટ તરીકે ઓળખવામાં આવે છે. આ કોન્ફરન્સમાં તમામ દેશોના મુખ્ય વિષયો એટલે કે આતંકવાદ, આર્થિક મુશ્કેલીઓ, ગ્લોબલ વોર્મિંગ, સ્વાસ્થ્ય અને અન્ય મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી છે. આ જી-૨૦ દેશો સમગ્ર વિશ્વમાં આર્થિક ઉત્પાદનમાં ૮૦% યોગદાન આપે છે. જી ૨૦ જૂથમાં આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા,ચીન, જર્મની, ફ્રાન્સ, ભારત, ઈન્ડોનેશિયા, ઈટાલી, જાપાન, મેક્સિકો,રશિયા,સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, તુર્કી, યુનાઈટેડ કિંગ્ડમ, યુનાઈટેડ સ્ટેટ્સ અને યુરોપિયન યુનિયન છે.

## વાગરા તાલુકાના કચ્છીપુરા ગામે કેમિક્લયુક્ત ઝેરી પાણી પીવાથી ૨૫ થી વધુ ઊંટના મોત નિપજ્યા

(એ.આર.એલ),ભરૂચ,તા.૨૨

ભરૂચ જિલ્લામાં વાગરા તાલુકાના કચ્છીપુરા ગામે કેમિકલયુક્ત ઝેરી પાણી પીવાના કારણે ૨૫ થી વધુ ઊંટના મોટ નિપજ્યા હતા. ઊંટ એ સ્થાનિકોની રોજીરોટીનું મુખ્ય સાધન છે ત્યારે પશુપાલકોના ઊંટ ટપોટપ મરવા લગતા પશુપાલકોને માથે હાથ દેવાનો વારો આવ્યો છે. ડાયાબિટીસ કંટ્રોલ માટે ઊંટના દૂધના ઉપયોગની શરૂઆત બાદ ઊંટની માંગ ખુબ વધી છે તેવા સમયે ઊંટના મોતની ઘટનાના ઘેર પ્રત્યાઘાત પડયા છે. સૂકાભંઠ આ વિસ્તારમાં કેમિકલયુક્ત વેસ્ટ ક્યાંથી આવ્યું તે તપાસનો વિષય બન્યો છે જયારે મામલે સંલગ્ન સરકારી એજન્સીઓએ તપાસ હાથ ધરી છે. સ્થાનિક અગ્રણી મહમત જત અનુસાર ભરૂચ જિલ્લામાં વાગરા તાલુકા અને આલીયાબેટ મળી ઊંટની સંખ્યા ૧૦૦૦ આસપાસ છે. ડાયાબિટીસ નિયંત્રણ માટે ઊંટના દૂધના ઉપયોગ બાદ દૂધ માટે ઊંટની માંગ વધી છે. પશુપાલકો માટે વર્ષોથી આવક માટે નિરુપયોગી રહેલા ઊંટ હવે કામનીનું સાધન બની રહ્યા છે તે સમય ઊંટના મોતની ઘટનાથી પશુપાલકોમાં દુઃખ સાથે રોશની લાગણી જોવા મળી રહી છે.હવે એક ઊંટ ૪૦ હજાર રૂપિયા સુધી વેચાઈ રહ્યું છે. આ ઉપરાંત રણ વિસ્તારમાં ઊંટગાડી કેહચવા માટે પણ ઊંટની ખરીદી કરવા રાજસ્થાની વેપારીઓ વાગરા અને આલીયાબેટ આવતા હોય છે.

Home/Personal Tuition
Physics
Dr. Chintan Trivedi
M.Sc, M.Phil, Ph.D in Physics and 15 years of teaching experience
Admission open year 2023-24
Special Batch for Repeater students starts from 10th May, 2023
11TH -12TH Science Board/NEET/JEE
Call Or Whatsapp for Demo : 9925260536
Place : Gandhinagar

## તંત્રી સ્થાનેથી...

# નોટબંધી ૨.૦થી રોકડની વિશ્વસનીયતાને અસર

મોદી સરકારે ૮ નવેમ્બર, ૨૦૧૬ના રોજ રૂપિયા ૫૦૦ અને એક હજારની નોટો બંધ કરવાની જાહેરાત કરી હતી. એ પ્રક્રિયા 'નોટબંધી' કહેવાઈ હતી. આ નોટબંધીની પ્રક્રિયા બાદ સરકારએ આરબીઆઈ ઍક્ટની કલમ ૨૪ (૧) અંતર્ગત નવેમ્બર માસમાં બે હજાર રૂપિયાની નવી નોટો જાહેર કરી હતી. આવું નોટબંધી બાદ પેદા થયેલી જરૂરિયાતોની પૂર્તિ માટે કરવું પડયું હતું. આ ઉદ્દેશ બજારમાં અન્ય નોટ પૂરતા પ્રમાણમાં આવી જવાથી પૂરો થઈ ગયો હતો અને તેથી વર્ષ ૨૦૧૮-૧૯માં બે હજાર રૂપિયાની નોટ છાપવાનું બંધ કરી દેવાયું હતું. બૅંક આ પગલું બૅંકની ક્લીન નોટ પૉલિસી અંતર્ગત કરાઈ રહ્યું હોવાનું કહી રહી છે. આરબીઆઈએ બૅંકોને બે હજાર રૂપિયાના ચલણમાં ચુકવણી કરવા તાત્કાલિક આદેશથી ના પાડી દીધી છે. પણ સરકારે બે હજારની નોટો પરત ખેંચવાનો નિર્ણય કેમ કર્યો તે પાછળના કારણને લઈને સ્પષ્ટતા નથી. પણ ભારતની રિઝર્વ બૅંકે બે હજાર રૂપિયાની નોટો પાછી ખેંચી લેવાની જાહેરાત ભ્રષ્ટાચાર વિરુદ્ધ 'સર્જિકલ સ્ટ્રાઈક' છે, તેમજ આ 'નોટબંધી' નથી બલકે 'નોટવાપસી' હોવાનું નિષ્ણાતોનું માનવું છે. લોકો ૩૦ સપ્ટેમ્બર સુધી આ નોટોને કાં તો પોતાના બૅંક ખાતામાં જમા કરાવી શકશે કાં તો બદલી શકશે. જોકે, એક વખતમાં માત્ર ૨૦ હજાર રૂપિયાની બે હજારની નોટો જ બદલી શકાશે. બે હજાર રૂપિયાના નોટનો ધીરે-ધીરે ઉપયોગ થવાનું ખૂબ ઘટી ગયું હતું. આરબીઆઈએ બે હજાર રૂપિયાની ૮૯ ટકા નોટ માર્ચ, ૨૦૧૭ પહેલાં બહાર પાડી હતી.

કહેવાઈ રહ્યું છે કે બે હજાર રૂપિયાની નોટોનો કાળા ધનની સંગ્રહખોરીમાં ઉપયોગ થઈ રહ્યો છે. ભારતમાં હાલ ૩.૬૨ લાખ કરોડ રૂપિયાની બે હજારની નોટો ચલણમાં છે. આ નિર્ણય ભ્રષ્ટાચાર, કાળું ધન અને આતંકવાદ પર ચોટ છે. પરંતુ અહીં સમજવાની બાબત એ છે કે કાળું ધન અને કાળી કમાણી બંનેમાં ફેર હોય છે. કાળા ધનને બંધ કરી દેવાય છતાં કાળી કમાણીની પ્રવૃત્તિ ચાલુ રહશે અને જો કાળી કમાણી થશે તો કાળું ધન પણ બનશે. કાળી કમાણીની બચત જ કાળા ધનમાં પરિવર્તિત થાય છે. બે હજાર રૂપિયાની નોટો ધીરે-ધીરે ચલણથી બહાર થઈ રહી હતી. આરબીઆઈ પ્રમાણે ૩૧ માર્ચ ૨૦૧૮ સુધી બજારમાં ૬.૭૩ લાખ કરોડ રૂપિયાની બે હજાર રૂપિયાની નોટો હતી જે કુલ નોટોના ૩૭.૩ ટકા હતી. જ્યારે ૩૧ માર્ચ ૨૦૨૩ સુધી બજારમાં કુલ ૩.૬૨ લાખ કરોડ રૂપિયાની બે હજાર રૂપિયાની નોટ હતી જે કુલ નોટોના ૧૦.૮ ટકા હતી. ભારતમાં લોકો એક લાખ રૂપિયા આ નોટો ખર્ચ પેટે પોતાના ઘરે રાખતા હશે, તેમ છતાં આવા લોકોની સંખ્યા ઝાઝી નહીં હોય. સામે ભારતમાં રોકડ ટ્રાન્ઝેક્શન પણ વધી રહ્યું છે. નોટબંધી સમયે બજારમાં લગભગ ૧૮ લાખ કરોડ રૂપિયાની નોટો હતી જે હવે વધીને ૩૫ લાખ કરોડ રૂપિયાની થઈ ગઈ છે. ભારતના અર્થતંત્રમાં થઈ રહેલા વધારાની સાથોસાથ બજારમાં નોટો પણ વધી રહી છે. પહેલાંની સરખામણીએ બજારમાંથી પણ આ નોટોનું પ્રમાણ ઘટીને અડધું થઈ ગયું હતું. આવી સ્થિતિમાં આ નિર્ણય પાછળનો હેતુ શું છે, એ સવાલ ઊઠી રહ્યો છે.

## આંટીઘૂંટી

સ્ટીલની તકતી પર નામ લખેલું શ્રીમતી સપના મજમુદાર,નાયબ સચિવ( સેવા).

"મે આઈ કમ ઈન ?"ફ્લેપ ડોર અધખુલ્લું કરી તેનો ચહેરો દેખાડી પૂછ્યું ફાઈલમાંથી માથું ઊંચું કર્યા વિના મેં માથું હકારમાં ધુણાવી અંદર આવવા પરમીશન આપી.

મેં સામેની ખુરશી દર્શાવી કહ્યું "ટેઈક યોર સીટ એન્ડ બી કમ્ફર્ટેબલ"

ખુરશીમાં રીક્ષા ડ્રાઈવરની જેમ અધુકડી બેસીને કહ્યું, " થેંક્ સુ મેડમ"

મેં બેલ મારી પટાવાળાને બોલાવી પાણી લાવવા કહ્યું અને આવકારને પૂછ્યું "ચા કે કોફી ?"

પેલી સડક થઈ ગઈ. સરકારી ઓફિસમાં ચા-પાણી ઓફર થાય?

કટુ અનુભવોની ભૂતાવળોથી તેનું મન ખિન્ન.

મેં પૂછ્યું"બોલો, શી સેવા કરૂં? આપનું નામ? ક્યાંથી આવ્યા છો?"

તેણી બોલી ," મારુ નામ તિતિક્ષા છે. હતાશપુરથી આવું છું..."

કોઈ ત્રાહિતની વાત સાક્ષીભાવે કહેતી હોય તેમ દિલ ખોલીને તિતિક્ષા સડસડાટ બોલવા માંડી," હું આઈપીસી કલમ ૩૭૬ ની શિકાર થઈ છું આરોપી દરીન્દા પર્સન છે. મારી જીંદગી તબાહ કરી નાંખી છે.. પાંચ વરસ પહેલા તેની ઓફિસમાં રેનોપહીલની ટેબ્લેટ કોલ્ડ ડ્રીંકમાં મિલાવી બેભાન કરી જબરદસ્તી કરી. લાખો વીંછીના ચટકા જેવી વેદના, સર્વસ્વ ગુમાવવાની વેદના.... "તેનો અવાજ ધ્રૂજવા લાગ્યો, આંખોમાં આંસુ સુકાયેલા. મેં તેને પાણીનો ગ્લાસ ધરી ઊભા થઈ પીઠ પસવારી સાંત્વન આપવા કોશિશ કરી... મેં તેનો ચહેરો ધ્યાનથી જોયો .માસ્ક ઊતારેલો ચહેરો. અપ્રતિમ સૌંદર્ય સામ્રાજ્ઞી. તેના ગાલે ચૂંટલી ખણીએ તો લોહીનો ટશિયો ફૂટે.રૂપની અફાટ રાશી.આવી ઢીંગલીને તેની ઈચ્છા વિરુદ્ધ -પારેવડીને પીંખી નાંખતા હૃદય થડક્યું નહી હોય ? તેનું કાળજું કાપ્યું નહી હોય? મારા દીકરા સાથે જોડી જામે એવી પણ , ખેર જવા દો લાગણીવેડા.કોણ જાણે તેવામાં મારી જાત પ્રતિબિંબત કેમ થતી હશે ?

તિતિક્ષા પાણી પીને બોલી," મેડમ પાંચ વરસથી ન્યાય મેળવવા પોલીસ સ્ટેશન, પોલીસ કમિશને ઓફિસ, વકીલની ઓફિસ , ફોરેન્સિક સેબમાં ધક્કા ખાઈ છું . હું પીડીતા હોવા છતાં ગુનેગાર જેવો વ્યવહાર. પુરાવામાં છેડછાડ. સાંયોગિક પુરાવાનો નાશ કરી કેસ લુલો કરવા મોટા સાહેબો સામેલ છે...

મેડમ પ્રેસિડેન્ટ સાહેબ નવી દિલ્હી, સ્પીકર લોકસભા, માનવાધિકાર આયોગ, પ્રધાનમંત્રી ઓફિસ ,માહિતી કમિશનર, લોકપાલ બધે કોથળો ભરી અરજી કરી છે, પણ બાસ્કેટ બોલની નેટની જેમ અરજીઓ ખોવાઈ ગઈ,ચવાઈ ગઈ."

થોડું અટકીને તિતિક્ષા શતાબ્દી મેઈલની જેમ બોલવા માંડી," મેડમ મારો કેસ તો સ્ટેચ્યું થઈ ગયો છે, સામાવાળો બધી રીતે પૂરો છે, મૂઆ પીટ્યાએ નવ વાર મારા વકીલને પૈસાથી ફોડી નાંખ્યો છે, મારા સાક્ષીને સામ,દામ,દંડ , ભેદથી પોતાના કરી નાંખ્યા . મારી પીડાના વલવલાટથી મેં મારી માથી હાથ ધોઈ નાંખ્યા .મારી વહાલસોઈ મા મરી ગઈ. મારી મા એ મને લડવા માટે સોગંદ આપેલા.પિતાજીનો ધંધો ચોપટ, હાર્ટ એટેકમાં માંડ બચ્યા.મારા લગ્નનું ક્યાંય ગોઠવાતું નથી. નાનો ભાઈ ત્રીસે પહોંચ્યો .મારા પાપે તેને કોઈ છોકરી લગ્ન માટે મળતી નથી.એનું નિમાણું મોં મારાથી દેવાતું નથી.બધાની જડ હું છું.......,

તિતિક્ષા ઊંડો શ્વાસ લઈ બરફ જેવા અવાજે બોલી, "આટલું ઓછું હોય તેમ કેસ સેટલ કરવા પાંચ ખોખાની સમાધાન પેટે ઓફર કરે છે. મામાના ઘરના ભૂવા મદદ કરે છે તેને ખોટા કેસના ચક્રવ્યુહમાં ફસાવ્યા, વિજ્ઞાન જાથાની રેડ પડાવી...."

મેં એક વિઝિટિંગ કાર્ડ આપ્યું ને કહ્યું કે આ કાર્ડ મારા હંસબન્ડનું છે. પુલીસ કમિશનર છે.તને એન્યાય અપાવશે ,તેમાં કોઈ પાછી પાની કરશે નહી. તિતિક્ષા વિદાય થઈ. હું ફ્લેશબેકમાં પહોંચી ગઈ મેં પચ્ચીસ વરસ પહેલા મારી પછી ત્રણ બહેનો બાકી હોવાથી મારી વ્યથા કથાનો પચાસ પેટીમાં સોદો કરી .., કાશ મને કોઈ એવો હમસફર ,, છોડો મડદા દટાયેલા જ સૌને માટે સારા!!!!!!!

**-ભરત વૈષ્ણવ**

# વર્લ્ડ બેંકના ફૂડ ફોર પોગ્રામના કોન્ટ્રેક્ટ લેબરોને ઉંટના મોઢે જીરા જેવો પચાસ પેન્સનો દસ વરસીય અધધધધ પગાર વધારો મળ્યો!!

નોકરિયાતના જીવનમાં પહેલી તારીખનું મહત્વ દિવાળી, નાતાલ, ઈદ જેવું જ હોય છે..બલ્કે તેના કરતાં વધુ હોય છે.એક ફિલ્મમાં "આજ પહેલી તારીખ હૈ "નું ગીત છે .એક હીરોઇન નોકરીના કારણે પ્રિયતમના વિરહથી અકળાઇને કહે છે કે તેરી દો ટકિયો કી નૌકરી મેં લાખો કા સાવન જાયે!!પહેલી તારીખે બડા ખાના ( બડા ખાના એટલે સામિષ હોય છે. લશ્કરમાં આવી પાર્ટીને બડા ખાના કહે છે!)પહેલી તારીખે હોટલ સિનેમા જશે. પરિવારને રાજી કરશે. પાર્ટી શોપિંગ સૈર સપાટા કરશે.

કર્મચારીની પ્રકૃતિ મહિનાની તારીખથી લઇ છેલ્લી તારીખ દરમિયાન વિભિન્ન પ્રકારની હોય છે.પહેલી તારીખથી દસમી તારીખ સુધી કેપિટાલિસ્ટ કે મૂડીવાદી હોય છે. અગિયારમી થી વીસ તારીખ સુધી શાંતિમય સહ અસ્તિત્વ કે મિશ્ર અર્થતંત્ર જેવું હોય. અર્થાત્ ખાનગી અને સરકારી અર્થતંત્ર જેવી હાલત હોય! છેલ્લે એકવીસ થી ત્રીસ સુધી સામ્યવાદી- આતંકવાદી બની જાય છે. જેનું મળે,જે મળે તેનું છીનવી લે છે!!!

તમને ,મને અને સૌને જે રકમની ચુકવણી કરવામાં આવે છે તેને પગાર વેતન, મહેનતાણું, તમખ્વાહ કહેવામાં આવે છે.તરીકે તેના માટે અંગ્રેજી ભાષામાં સેલરી શબ્દ વાપરવામાં આવે છે. તે શબ્દ સેલેરીયમ પરથી આવ્યો છે.એ શબ્દ લેટિન છે. તે જમાનામાં સેલરી, પગાર, વેતન,આમદાની પેટે મીઠું ચુકવવામાં આવતું હતું. એ ધોરણે કલેક્ટરને પાંચ ક્વિન્ટલ, સચિવને દસ ક્વિન્ટલ અને ચીફ સેક્રેટરીને મહતમ પચ્ચીસ ક્વિન્ટલ મીઠું ચુકવો તો સરકારને દર મહિને કેટલા કરોડો રૂપિયાની બચત થાય( સામાન્ય વહીવટ વિભાગ- નાણા વિભાગ સંયુકતપણે લીડ લઇને પગાર તરીકે મીઠું ચુકવવાનો નિર્ણય લે તેવી અપેક્ષા છે!! કર્મચારી મીઠા તરીકે રિફાઇન્ડ, ફોર્ટીફાઇડ, વડાગરા, સિંધવ, સિંધાલૂણમાંથી ગમે તેની સ્વ રૂચિ અનુસાર પસંદગી કરી શકે તેવો વિકલ્પ આપવો!)

કર્મચારીઓ માનવ કોમ્પ્યુટર શંકુતલાદેવીની મીની આવૃત્તિ જેવા હોય છે!! વર્તમાન પત્રમાં જથ્થાબંધ ભાવાંક-ફુગાવાની વિગતો પ્રકાશિત થાય. એટલે મોંઘવારી ભથ્થું કેટલા ટકા વધશે, કેટલું એરિયર્સ મળશે, તેમાંથી શું ખરીદવું ,કયાં જવું કેટલા દિવસ રહેવું, ડિલક્ષ હોટલમાં રહેવું કે ફાઇવ સ્ટાર હોટલમાં રહેવું, શોપિંગ કેટલી રકમ વાપરવી , વધુ એક સંતાન પ્રાપ્ત કરવું, દીકરાની સગાઇ ધામધૂમથી કરવી વગેરે મલ્ટી પરરઝ આયોજન કરે.પ્રમોશન મળે તો જાન્યુઆરીમાં ઇંક્રિમેન્ટ લેવું કે જુલાઈમાં ઇંક્રિમેન્ટ લેવું , આગળ પ્રમોશન ક્યારે મળશે તેનું પ્લાનિંગ કરશે!!!

પગાર વધારો કેટલો માંગવો તેના ધારા ધોરણ નથી . હાલ , મળતા પગાર જેટલો પગાર વધારો માંગવો કે ૫૦% પગાર વધારો માંગવો તે બાબતે યુનિયનના સભ્યોમાં મતમતાંતર રહે છે. આપણે રાણીનો હજીરો માંગીએ તેટલે મેનેજમેન્ટ તગારા જેટલો પગાર ન વધારે. તમે તોપની માંગણી કરો તો ચાંદલિયા ફોડવાની બંદૂક મળે તેમ સરકારી રીત રસમ કહે છે. બજેટમાં આવા ધૂમ ધડાકા હોય પછી સુરસુરીયા થઇ જાય!! બેંકોના યુનિયન સંઘ શક્તિને આધારે સરકારનું નાક દબાવી માંગણીઓ મંજૂર કરાવે છે. બેંકેનું કામકાજ તમામ શનિવારે ચાલુ રહેતું હતું. યુનિયને બીજા -ચોથા શનિવારની રજાઓ મંજૂર કરાવી . બેંકેના કર્મચારીઓ યુનિયન મારફતે સૌથી વધારે પગાર વધારો મંજૂર કરાવતા રહે છે!!કર્મચારીને મોંઘવારી ભથ્થા કે વાહન ભથ્થાંમાં વધારો થાય તો મહિને પાંચસોથી પાંચ હજારનો વધારો થાય. આના કરતા પણ વધારો થાય.

જુના સમયના ભથ્થા જુઓ તો હાસ્યાસ્પદ લાગે. સાઇકલ વાપરનારને મહિને વીસ રૂપિયાનું માતબર સાઇકલ એલાઉન્સ મળે. રોજના રોજના ૬૬.૬૬ પૈસા મળે. એમાંથી એસ જી હાઇવે પર બંગલો ખરીદી શકાય અને રકમ વધે તો ચાર બંગડીવાળી -ઓડી કાર ખરીદ કરી શકાય. સરકાર કર્મચારીને ભથ્થા આપીને માથે ચડાવે છે!! આ કર્મચારી સરકારને માથે એક દિવસ છાણા થાપશે એ લખી રાખજો!!

મંત્રાલયમાં ફરજ બજાવનારને મહીને ત્રણસો રૂપિયાનું ખાસ એલાઉન્સ મળે. રોજના દસ રૂપિયા!! આટલો દરમાયો અનંત અંબાણી કે ઇશા અંબાણીને મળતો નહીં હોય. બંને જણા મુકેશભાઇને સરખામણીએ પૂરતો પગાર મળતો નથી તેવી ફરિયાદ કરતા હતા.તેમને સરકાર સમકક્ષ પગાર ન મળે તો રીજાઇન કરવાનું અલ્ટીમેટમ આપી દીધું છે. આખરે પાપી પેટનો સવાલ છે!!!જરૂર પડયે પગાર માટે પેટ ફોડી નાંખવું પડે!!

હમણા એક સરકારી ખાતર કંપનીનો પ્લાંટ ભરૂચ જીલ્લાના રહીદ ગામે ચાલે છે. આ કંપનીના ટીડીઆઇ પ્લાંટમાં આઉટ સોર્સિંગના કર્મચારીઓ કોનેટ્રેકટ પર છે. આ કર્મીઓએ નેવું રૂપિયા જેટલો અધધધ કહી શકાય તેવો અર્થતંત્રની કમ્મરતોડી નાંખે તેટલા પગાર વધારાની માંગણી કરી .મેનેજમેન્ટ કાંઇ ગાંડું થોડું હોય. જો મેનેજમેન્ટ ગાંડું હોય તો પણ આપણે તેને ગાંડું થોડું કહેવાય?? કર્ટસી, ડિસન્સી, ડિપ્લોમસી નામની ચીજ હોય કે નહીં?? ( આ સવાલનો જવાબ ફરજિયાતપણે હકારાત્મક જ આપવાનો છે -બાય ઓર્ડર!!)મેનેજમેન્ટે સંવેદનશીલતા દાખવી પગાર વધારવા ખાતરી આપેલી.મેનેજમેન્ટે અભૂતપૂર્વ ઉદારતા દર્શાવી. સંતોષાયેલો કર્મચારી એ ધંધાકીય એકમ માટે મિલકત સમાન છે તેવા બિઝનેસ મેનેજમેન્ટના થંમ્બરૂલને ધ્યાને લઇને કર્મચારી તરફ ઉચ્ચકક્ષાની સંવેદનશીલતા દાખવી. કદાચ મેનેજમેન્ટ ડબલ એન્જિન સરકાર જેવું હશે.,વિકસિત દેશોની જાયન્ટ કોર્પોરેટ પણ વધારી ન શકે તેવો પગાર વધારો મંજૂર કર્યો. જાનના જોખમે કામ કરતા કર્મચારીને ચાર રૂપિયા જેવો જંગી પગાર વધારો મંજૂર કરી દીધો. ચાર રૂપિયા જેવો માતબર અને ગંજાવર વધારો સાંભળીને કર્મચારી હકકાબકકા થઇ ગયા. આટલો અધધધ પગાર વધારો સ્વપ્નમાં પણ વિચાર્યો નહીં હોય!! બિચારાઓની વાચા હણાઈ ગઇ. ગાત્રો શિથિલ થઇ ગયા. ચાર રૂપિયાનો ન ભૂતો ન ભવિષ્યતે પગાર વધારો થવાથી કર્મચારી વધારાની આવકનો ખર્ચ કરવાનું પ્લાનિંગ કરવા કન્સલટન્ટ રોકી દીધા છે!! એક-બે સ્વિસ બેંકમાં ખાતું ખોલાવવા સ્વિડન પહોંચી ગયા છે. એક બે જણાએ ટેકસ હેવન દેશોમાં શીફટ થવાની મનોમન તૈયારી કરી દીધી છે!!અડધાએ કપિલ સિબલ, મુકુલ રોહતગી, કે.કે વેણુગોપાલ જેવા મોંઘા વકીલની ફોજ હાયર કરી છે. જેથી સીબીઆઈ -ઈડી-એસીબી આવકના જાણીતા સ્ત્રોત તરતા અપ્રમાણસર મિલકતના કેસોમાં દરોડા પડે તો સાંગોપાંગ બચી શકાય!! આઈઆઈએમ જેવી સંસ્થા ખાતર કંપનીનો કેસ તેના સ્ટુડન્ટને સ્ટડીક્સ તરીકે ભણાવવાનું વિચારી રહી છે. અરે આ કંપનીના એમડી હાવર્ડ, સ્ટેનફોર્ડ,,ઓકસફર્ડ યુનિવર્સિટીમાં લેકચર આપી રહ્યા છે જેમ લાલુપ્રસાદ રેલવેની સફળતા વિશે વ્યાખ્યાનો આપી રહ્યા હતા. આ કંપનીનો શેર સ્ટેકબજારમાં એવો ઊછળ્યો છે કે નીચે ઉતરતો નથી!!

કોઇ વ્યકિત કરિયાણાનો વેપાર કરતો હોય. તેનો જૂનો અને વિશ્વાસુ ( આ બંને શબ્દો ગરબડ સર્જે છે. કેમ કે, વિશ્વાસુ હોય એ જૂનો ન હોય અને જૂનો હોય એ વિશ્વાસુ ન હોય!!) દિવાળીના સમયે ડરતાં ડરતાં પગાર વધારા માટે અરજ કરે અને કરિયાણાનો વેપારી કાં તો પગાર વધારી આપે અથવા માંગણી ધુત્કારી નાંખે. બહુ ઉદાર હોય તોપાંચ પચ્ચીસ રૂપિયાનો પગારમાં વધારો કરી આપે. આવું જ અન્ય ધંધાર્થીનું હોય. હું અને રાજુ રદી બખડજંતર ચેનલમાં વરસોથી ઝૂડાવીએ છીએ.અમે બાબુલાલ બબુચક પાસે પગાર વધારો કરવા રજૂઆત કરીએ કે બાબુ બહુચકને સાર સૂંઘી ગયો હોય તેવું વિચિત્ર વર્તન કરે. પછી લોખંડના ચણા ચાવ્યા હોય તેનું ડાચું કરે. પગાર વધારો કેમ કરી શકાય તેમ નથી તેની સલીમ- જાવેદ સ્ટાઇલની ઈસ્ટોરી કહે. છેવટે એક હજાર રૂપિયાના પગાર વધારાની માંગણી સામે દસ રૂપરડી વધારવા મહામહેનતે ના છૂટકે સંમત થાય. બાબુ બબુચકે અમારા પર મોટો વધારો કર્યો હોય તેમ અહેસાન જતાવે!!!કેઇ કંપની તેની પોલિસી મુજબ કર્મચારીનો પગાર દર વરસે વધારી આપે. સરકાર તેના કર્મીઓને દર વરસે ત્રણ ટકા લેખે પગાર વધારો કરી આપે છે!! છઠા પગારપંચમાં ૪ % નું પરફોર્મન્સ ઇંક્રિમેન્ટ આપવાની વિવાદાસ્પદ ભલામણ હતી. જેનો અમલ કરવાથી મામકા-પાંડવાનો ઇલાયદો વિવાદ અને ખુશામતખોર અને ચાંપલુસ વર્ગ ઉભો થાય તેવી સંભાવના હતી.એટલે તેનો અમલ ન કરવામાં આવ્યો.

વર્લ્ડ બેંકની સ્થાપના 'બ્રિટન વુડ્સ' સંમેલન દરમ્યાન થઇ હતી. તે ઇ.સ ૧૯૪૬માં સક્રિય બની તથા ઇ.સ ૧૯૪૭થી યુ.એન.ના અંગ તરીકે કાર્યરત થઇ. બીજા વિશ્વ યુદ્ધના કારણે આર્થિક રીતે જર્જરીત થઇ ગયેલા દેશોના અર્થતંત્રને પુનઃજીવીત અને વિકસિત કરવાં માટે તેની સ્થાપના થયેલી . વિશ્વ બેંક, બેંક ઓફ મુખ્ય કાર્ય પ્રવૃત્તિઓ પ્રતિબિંબ - તેમને શ્રીમંત દેશોના નાણાકીય સહાય સાથે આપીને સ્ટેટ્સમાં આર્થિક વિકાસ સ્તર વધારવામાં. વિશ્વ બેંક, બેંક ઓફ મુખ્ય કાર્ય પ્રવૃત્તિઓ પ્રતિબિંબ - તેમને શ્રીમંત દેશોના નાણાકીય સહાય સાથે આપીને સ્ટેટ્સમાં આર્થિક વિકાસ સ્તર વધારવામાં. સંસ્થા ૧૯૪૫ માં સ્થાપના કરી હતી. કંપનીના મુખ્યમથકો વોશિંગ્ટન સ્થિત છે.. કંપનીનું મુખ્યમથક વોશિંગ્ટન ખાતે છે. આ સંસ્થાઓ સસ્તું દરે જરૂરિયાત લોન સ્ટેટ્સ પૂરી પાડવા માટે અને કેટલાક કિસ્સાઓમાં રચાયેલ છે. તમે પણ અનુદાન ની મદદ ધરાવતા દેશોમાં ટેકો છે. આર્થિક ઉદારીકરણ, ખાનગીકરણ, શિક્ષણ, આરોગ્ય, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારો ક્ષેત્રમાં જરૂરી સુધારા - યોગ્ય સંભાળ શરતો ઉમ્પૂરી પાડે છે.

વિશ્વ બેંક તેની ૧૮૩ સભ્ય દેશોને અબજો રૂપિયાનું વગર વ્યાજે કે સવ્યાજે ધિરાણ કરે છે. તેનું અબજો ડોલરનું ભંડોળ છે. સભ્ય દેશ મીટે કુબેર ભંડારી છે. પરંતુ, અફસોસ એ છે કે ખુદના કર્મચારીનું શોષણ કરે છે.વર્લ્ડ બેંકના ફૂડ પ્રોગ્રામના કર્મચારીઓની બદહાલીને વાચા આપવા યુનિયન લિડરોએ ગરીબી નિવારણ યોજનાની વૈશ્વિક બેઠકમાં ટેબલ પર ફૂડ મુકીને તેમની સમસ્યા અભિવ્યકત કરી.આ કર્મચારી કોન્ટ્રેકટ લેબર છે. જીવનના બે છેડા ભેગા કરવા તનતોડ મહેનત કરે છે!!આવા કર્મચારીની સંખ્યા સો છે.જેમને પ્રતિ કલાક માત્ર અઢાર ડોલરનો પગાર મળે છે. વર્લ્ડ બેંકમાં જ દીવા તળે અંધારું છે. સભ્ય દેશો સહાયનો આંટો-લોટ આરોગે છે અને કર્મચારી ધંટી ચાટે છે!!! વૈદને ખાટલે હોય તેવી કહેવત છે. વર્લ્ડ બેઠકમાં પણ આવી પતલી હાલત છે. આ કર્મચારીનું કારુણ્ય સાંભળીને સંગદિલની કાળમીંઢ આંખમાં શ્રાવણ ભાદરવો વહેવા માંડે!! તમને દસ વરસમાં કુલ પગારના વીસ થી ચાલીસ ટકાનો પગાર વધારે મળ્યે હશે. કદાચ તેના કરતા પણ વધારે સેલરી હાઈક મળ્યો હશે!! પણ વર્લ્ડ બેંકના ફૂડ પોગ્રામના ૧૦૦ જેટલા કોન્ટ્રેકટ લેબરને એક દાયકામાં અધધધધધ કહી શકાય અને આંખો ફાટીને ફાટી રહી જાય તેટલો વિક્રમી ,શકવર્તી , ઐતિહાસિક ન ભૂતો ન ભવિષ્યતિ પગાર વધારો મળ્યો છે. કેટલો પગાર વધારો ??? દસ વરસમાં પચાસ પેન્સ વધારો આપવો એ જેવાતેવા દિલદારનું કામ નથી. પચાસ પેન્સ એટલે અડધો પાઉન્ડ. ભારતના ચલણમાં પચાસ પેન્સ એટલે લગભગ પચાસ રૂપિયા થાય.દર વરસે પાંચ પેન્સનો અધધધધધ વધારો. વરસે પાંચ રૂપિયાનો વધારો!!પાંત રૂપિયામાં અડધી ચા પણ ન આવે!!આવો યુનિક પગાર પધારો કરવા માટે કાળજું અને જીગર જોઇએ, જિગર !! શું સમજ્યા બરખુદાર!! આ પગાર વધારો ઉંટના મોઢે જીરા સમાન છે તેમ ચંદુ ચૌદસ અને રાજુ રદી કહે છે!!

**-ભરત વૈષ્ણવ**

# જો તમને તમારી દીકરીને સાસરે સુખી અને ખુશખુશાલ જોવી છે?

હાલમાં ટી.વી.સિરિયલોનું જોઈ જોઈને જે સાવ ફાલતુ બિનજરૂરી રિવાજો શરૂ થયા છે તે મધ્યમવર્ગના પિતાની કમર તોડી નાખે છે .પિતા લગ્નનું દેવું ૧૦ વરસે પણ ભરી શકતા નથી .અરે કેટલાક કિસ્સાઓમાં તો કન્યા રિસાઈને સાસરેથી પાછી આવી ગઈ હોય છે આગળ છૂટાછેડાની વાત કરતી પણ થઈ જાય છે પણ પેલું દેવું કન્યાના લગ્ન તુટી ગયા ૪/૬ મહિનામાં કન્યા પાછી પિયર આવી ગઈ હોવા છતાં દેવું તો ઊભું જ રહે છે. લગ્ન તો દેખાદેખીમાં થઈ જાય છે પણ કન્યાના પિતાને ગજા બહારનું હદ બહારનું દેવું થઈ જાય છે પછી પિતાને દેવું ભરવામાં બહુ તકલીફ પડે છે. હવે આજના સમયની માંગ પ્રમાણે દરેક સમજે જાગૃત અને સાવધાન થઈ જવાની જરૂર છે જેમાં લગ્ન પહેલાં પ્રિ વેડિંગ ફોટો શુટમાં એક આખા લગ્ન જેટલો ખર્ચ થઈ જાય છે જેની કોઈ જ જરૂર નથી આ ફોટોશૂટ તાત્કાલિક બંધ કરવાની જરૂર છે.સાવ બીનજરૂરી ખર્ચાળ રિવાજ છે પહેલા કન્યા પહેલી વાર ગર્ભવતી બને એ વખતે ખોળો ભરવાનો રિવાજ હતો દોસ્તો પરિવારજનો કુટુંબીજનો વડીલોના આશીર્વાદ અને શુભકામનાઓ મેળવવા ઘરમેળે જ બધુ પતિ જતું હતું હવે મોટા હોલ વાડી ભાડે લઈ જબરજસ્તીથી લાખો રૂપિયા ઉડાડવામાં આવે છે આ બેબી સાવરનો રિવાજ બંધ કરવાની તાતી જરૂર છે. હલદી રસમમાં બધાએ પીળા કપડાં ફરજિયાત પહેરવાની કઈ જરૂર છે જ નહી ખોટો રિવાજ છે હલદી રસમ ઘરમેળે કરવી જોઈએ વધારાના પીળા કપડાનો ખર્ચો કરવાની કોઈ જરૂર છે જ નહી હલદી રસમમાં ભોજનની કઈ જરૂર છે જ નહી.

લગ્નમાં હજારોના ખર્ચે સ્ટેજ બનાવવામાં આવે છે જેની કોઈ જ જરૂર નથી માળીને બોલાવી હજારો રૂપિયાના ફૂલોનો બગાડ કરવાની કઈ જરૂર ખરી? લાઈટિંગવાલા ભાઈને બોલાવી હજારો રૂપિયાનું લાઈટડેકોરેશન કરવું નહી ડેકોરેશનવાલા ભાઈને બોલાવી હજારો રૂપિયા વેડફવા નહીં ડી.જે ને દુર રાખવામાં જ ભલાઈ છે.

જો તમારી પાસે વધુ રૂપિયા હોય તો વરવધુના નામે ફિક્સ ડિપોઝીટમાં મુકી દો.ભગવાન ના કરે કાલે ઊઠીને સાસરામાં તમારી દીકરીને કઈ તકલીફ પડે તો આ રકમ બહુ જ કામ લાગશે તમારા આ રૂપિયા સાસરામાં તમારી દિકરીને હૂંફ અને હિંમત આપશે કદાચ એનું લગ્ન જીવન બચાવવામાં પણ મદદરૂપ થશે લગ્નના ભોજનમાં ઘણા બધા ફેરફાર કરવાની જરૂર છે .કોઈ પણ વ્યક્તિ ભુખ હોય એનાથી વધુ જમી શક્તિ નથી.ભોજનમાં ૩૦/૩૫ વાનગીઓ રાખવાની કોઈ જરૂર ખરી? અત્યારે મોંઘવારીમાં આટલી બધી વાનગીઓ આટલી ગરમીમાં રાખવાની કોઈ જરૂર જ નથી.

ખમણ ભજીયા ગોટા વડા ઈડદા પાત્રા પાણીપુરી મસાલા ઢોસા ભેળપુરી પાવભાજી આઈસ્ક્રીમ શીખડ પુરી સમોસા કટલેસ જાતજાતની મીઠાઈઓ અને વિવિધ જાતના ફરસાણ દહીંવડા ગુલાબજાંબુ ઈટાલિયન વાનગીઓ છોલે ભતુરે પનીર રોટી પીઝા બર્ગર બરફ ગોળા ડ્રાયફ્રુટ દાળભાત કરીખીચડી પુલાવ કરી જાતજાતના અથાણા પાપડ સલાડ આમાંથી અર્ધી વાનગી પણ કોઈ ચાખતું નથી લાખોનો ખર્ચ થાય છે ભોજનનો બહુ વેડફાટ બગાડ થાય છે મોંઘી મોંઘી ડિશો કચરાપેટીમાં જાય છે. માત્ર ગણતરીની ચાર પાંચ સારી વાનગી રાખી ધરાઈને જમીને તૃપ્ત થઈ શકાય છે એ વાત સમજતા હજુ આપણે કેટલા વરસો જોઈશે?

**અબ્બાસભાઈ કૌકાવાલા, સુરત**

# એસએમસીના શૌચાલયના ભોય તળીયે આવેલા ટાંકામાંથી ૧૦ લાખનો ગાંજો ઝડપાયો

(એ.આર.એલ),સુરત,તા.૨

સુરતમાંથી વધુએક વખત ગાંજાનો જથ્થો ઝડપાયો છે. ક્તારગામ પોલીસે ક્તારગામ રેલવેના પાટા પાસે આવેલા શૌચાલયના ભોય તળિયાના ખાલી ટાંકામાં સંતાડેલો બિન વારસી હાલતમાં ૧૦.૦૯ લાખ રુપિયાની કિંમતનો ૧૦૦.૯૨ ગ્રામ ગાંજાનો જથ્થો કબજે કરી આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુરતમાં પોલીસ દ્વારા 'નો ડ્રગ્સ ઈન સુરત સિટી' અભિયાન શરુ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગાંજો, દારૂ અને ડ્રગ્સ જેવા નશીલા પદાર્થોનું વેચાણ કરતા વ્યક્તિઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે, ત્યારે સુરતમાંથી વધુ એક વખત ગાંજાનો જથ્થો ઝડપાયો છે. ક્તારગામ પોલીસને માહિતી મળી હતી કે, ક્તારગામ જીઆઈડીસી રેલવે પાટા પાસે આવેલા ગુણાતીત નગરની સામે મ્યુનિસિપલ કોર્પોરેશનના બંધ શૌચાલયમાં આવેલા ભોય તળિયાના ખાલી ટાંકામાં ગાંજાનો જથ્થો રહેલો છે. બાતમીના આધારે પોલીસે અહી દરોડો પાડી તપાસ કરતા ટાંકામાંથી ખાખી કલરના પ્લાસ્ટિકમાં સુવ્યવસ્થિત રીતે પેકિંગ કરેલી હાલતમાં ૫૦ પેકેટની અંદર કુલ ૧૦.૦૯ લાખની કિમતનો ૧૦૦.૯૨ કિલોગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો.

# શું છે આ સીડબોલ ? : સીડબોલ કેવી રીતે બનાવી શકાય ?



સીડબૉલ બનાવવા માટેની શરૂઆત નેચરલ ફાર્મિંગ શરૂ કરનાર જાપાની પર્યાવરણપ્રેમી Masanobu Fukuoka એ કરી હતી. ઈજિપ્તમાં નાઈલ નદીમાં પૂર આવવાના કારણે થયેલ નુકસાન બાદ ફરીથી ઝાડ વાવવા માટે પણ આ જ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવતો હતો. અત્યારે આપણા દેશમાં પણ ઘણા પર્યાવરણ પ્રેમીઓ આ પદ્ધતિનો ઉપયોગ કરી રહ્યા છે.

સીડબૉલ નામ તો તમે સાંભળ્યું જ હશે, તેના ઉપયોગ વિશે પણ ઘણા લોકો જાણતા હશે, પરંતુ તેને ઘરે કેવી રીતે બનાવી શકાય, એ વિશે બહુ ઓછા લોકો જાણતા હોય છે. સીડ બૉલ અર્થબૉલ તરીકે પણ ઓળખાય છે. જેમાં વિવિધ પ્રકારનાં બીજને ફળદ્રુપ માટીમાં વિંટીને દડા બનાવવાવામાં આવે છે.

સતત ઘટી રહેલ હરિયાળીના કારણે આખી પૃથ્વી ગ્લોબલ વૉર્મિંગનો સામનો કરી રહી છે, અને તેનું સમાધાન લાવવાનો એકમાત્ર રસ્તો વૃક્ષારોપણ જ છે. વૃક્ષોથી હવામાં ઑક્સિજનનું પ્રમાણ તો વધે જ છે, સાથે-સાથે વૃક્ષો વરસાદ પણ ખેંચી લાવે છે અને વાતાવરણમાંથી ગરમી ઘટાડવામાં પણ મહત્વનો રોલ અદા કરે છે. પરંતુ દરેક જગ્યાએ રોપા વાવવા જવું શક્ય નથી બનતું ત્યાં સીડબૉલ ખૂબજ ઉપયોગી નીવડે છે. સરળતાથી ઊગી નીકળતાં દેશી કુળનાં ઝાડ-છોડનાં બીજમાંથી સીડબૉલ બનાવી ખુલ્લી જગ્યાઓ પર ચોમાસા દરમિયાન નાખવામાં આવે તો, તેના પર વરસાદ પડતાં તેમાંથી અંકૂર ફૂટી નીકળે છે અને ઝાડ-છોડ ઊગી નીકળે છે. ચોમાસા દરમિયાન આ સીડબૉલ નાખવાથી ત્યાં નિયમિત પાણી પાવા જવાની પણ જરૂર નથી પડતી, વરસાદના પાણીથી જ તેનો વિકાસ થઈ જાય છે. તો પછી તમે કોની રાહ જુઓ છો, વરસાદની શરૂઆત થઈ છે તો, સીડબૉલ બનાવી તમે પણ વિવિધ જગ્યાએ તેને નાખો અને બાળકો પાસે પણ નખાવો, જેથી તેઓ પણ અત્યારથી પ્રકૃતિની નજીક આવે.

સીડબોલ બનાવવા માટે સૌપ્રથમ આસોપાલવ, અરીઠા, ઉમરો, ખીજડો, ખાખરો, જાંબુ, ગોરસ આમલી, ગરમાળો, ગુંદી, ગુંદો, ચણીબોર, પુત્રાંજીવા, પીલુડી, ફાલસા, બોરસલી, બીલી, બોર, રામબાવળ, રાયણ, વડ, શીણવી, કડવો લીમડો, સીતાફળ, તુલસી વગેરેમાંથી જેનાં પણ બીજ મળી શેક તેનાં બીજ ભેગાં કરો.ત્યારબાદ ખેતરની માટી લાવો અને તેના પર થોડું પાણી છાંટી ભીની કરો. જો તમારી પાસે છાણીયું ખાતર કે કંપોસ્ટ ખાતર હોય તો તેને પણ આ માટીમાં મિક્સ કરી શકાય છે.આ દરમિયાન તમે ભેગાં કરેલ બધાં જ બીજને અલગ-અલગ તારવી દો. હવે નાના બૉલ જેટલી માટી હાથમાં લો અને માટીની વચ્ચે ૨-૩ બીજ રાખી બૉલ વાળીને તેને સૂકવવા મૂકી દો. આ રીતે બધા જ બૉલ તૈયાર કરી દો.તૈયાર છે સીડબૉલ.હવે જ્યારે પણ તમે બહાર નીકળો ત્યારે રસ્તાની આસપાસ ઝાડી-ઝાંખરમાં, ગૌશાળાની આસપાસ, શાળાના મેદાનની કિનારી પર જેવી સુરક્ષિત જગ્યાઓએ આ સીડબૉલ નાખો. તેના પર વરસાદનું પાણી પડતાં જ, બે-ત્રણ દિવસમાં તેમાંથી અંકુર ફૂટી નીકળશે. એવું બની શકે કે, બધાં બીજ ન પણ ઊગે, પરંતુ તેમાંથી ૩૦-૪૦% ટકા બીજમાંથી પણ ઝાડ-છોડ ઊગી નીકળશે તો, ઘણી હરિયાળી થશે.

**-મિતલ ખેતાણી**

## એકઝીટ

દોરંગી દુનિયા માટે મીસફીટ,
એટલે કદાચ સુપરડુપર હીટ.
કોયલ ટવીટર પર કર ટવીટ,
સૌ સાંભળે તો કરશે રીટવીટ.
વસંતનું વાવાઝોડું ફુંકાયુ કે,
પાનખરે ચુપચાપ કરી કવીટ.
ભમરાએ ફૂલોની છેડતી કરી,
બેસાડીએ તપાસ માટે સીટ.
સમયનો એટલો માર ખાધો છે કે
ન્યાય માટે કરવી નથી કોઈ રીટ.
વનવગડે મીનરલ વોટર મળે છે ?
પહેલી ધારનો મહુડાના પી લે નીટ.
દુનિયા કાવાદાવાનો કુલ સરવાળો,
ભરત નહીં ફાવે ચાલ કર એકઝીટ.

**-ભરત વૈષ્ણવ**

## કાગડો

એક કાગડો ખરેખર મરી ગયો,
માનો કે લખચોરાશી તરી ગયો.
રૂપાળી કાગડીએ હસીને કહ્યું,
એ બાપડો પ્રેમમાં પચરી ગયો.
માનવતાના નામે ફાળોબાળો ,
ઉઘરાવી આખા ગામનું કરી ગયો.
દેડકાએ જરા લાલ આંખ કરી કે,
બિચારો બાપડો પૂરો ડરી ગયો.
આજીવન માત્ર તને પ્રેમ કરીશ,
વાયદો કરી સમૂચો ફરી ગયો
ઝાડ પરથી પીળું પાન ખરે તેમ,
એક કાગડો બિચારો મરી ગયો.
અફવા ગણો કે ઘટના.કોણ શંકા કરે?
શું વાત કરો છો?કાગડો મરી ગયો?

**ભરત વૈષ્ણવ**

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO---140
વિષય : સાકાર -નિરાકાર
શીર્ષક : હરિદર્શન
શબ્દો : ૩૪૯
લેખિકા: હેમા ત્રિવેદી

જે દેહધારી છે એ સાકાર છે.પણ જેનો કોઈ આકાર નથી અથવા જેનો કોઈ આકાર કલ્પી શકતાં નથી એ નિરાકાર કહેવાય...

કણ કણમાં ભગવાન વસેલા છે.. ગીતામાં કૃષ્ણ કહે છે ને કે જડમાં ચેતનમાં સર્વત્ર સર્વ વ્યાપી છું.. હવા , આકાશ , પાતાળ , સર્વત્ર પ્રભુનું નિરાકાર સ્વરૂપ છે.. હવા દેખાતી નથી પણ એનું વહેવું અનુભવી શકીએ છીએ. લાગણીઓ દેખાતી નથી પણ આંખોમાં કે વર્તનમાં નિરાકાર સ્વરૂપે અનુભવી શકીએ છીએ.

પરંતુ પ્રભુના નિરાકાર સ્વરૂપ પ્રત્યે એકાગ્રતા સાધવી મુશ્કેલ છે.

મૂર્તિમાં,છબીમાં ઈશ્વરનું સાકાર સ્વરૂપ જોઈએ છીએ.

અજન્મા, નિરંજન નિરાકાર.. દેવાધિદેવ મહાદેવજી માટે કહેવાય છે.. જેમણે જન્મ નથી લીધો એમનો આકાર કેવો?

હા , છતાં શિવલિંગની પૂજા થાય છે.. શિવલીંગ પ્રત્યક્ષ મહાદેવ છે એવી શ્રધ્ધા છે.

આપણા હિન્દુધર્મમાં મૂર્તિપૂજા થાયછે.. ભગવાનના સ્વરૂપની, એમના જન્મની કથા આપણા પુરાણોમાં છે..

સમગ્ર આર્યાવર્તમાં કૃષ્ણ ભગવાન તરીકે પૂજાય છે.

એમની બાળલીલા, મહાભારત યુદ્ધ વખતે અર્જુનના સારથી બની આપેલું જ્ઞાન.. ગીતાનો ઉપદેશ, કર્મનો સિદ્ધાંત, અર્જુનને થયેલું વિરાટનું દર્શન બધું આપણે જોયું નથી છતાં આપણા માનસપટ પર સાકાર સ્વરૂપે અંકિત થયેલું છે. યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત... જ્યારે જ્યારે ધર્મપર સંકટ આવશે ત્યારે પ્રભુ જન્મ લેશે એવી આપણી શ્રદ્ધા એ સાકાર સ્વરૂપની જ છે ને!

ભગવાનને પ્રત્યક્ષ જોયા નથી એમની કલ્પના કરીએ છીએ.

પ્રકૃતિમાં આપણે ઈશ્વરની કલ્પના કરીએ છીએ.. તુલસી કૃષ્ણ સાથે વરેલાં હોઈ આપણે દર વર્ષે તુલસી વિવાહની ધામધૂમથી ઉજવણી કરીએ છીએ.. પીપળામાં બ્રહ્મા વિષ્ણુ અને મહેશનો સાકાર સ્વરૂપે વાસ છે એવી શ્રધ્ધા છે એટલે આપણે પીપળાની પૂજા કરીએ છીએ.

માબાપમાં ભગવાનનું સ્વરૂપ છે.. ગુરૂમાં ભગવાન દેખાય છે..કબીર કહે છે કે બલિહારી ગુરુ આપકી ગોવિંદ દીયો બતાય.

ગૌવંશનું રક્ષણ અને પાલન પોષણ કરીએ છીએ કારણ એમાં ઈશ્વરી અંશ છે એવી દ્રઢ માન્યતા છે. મીરા કૃષ્ણ સાથે મનોમન વરી ચૂકેલાં. 'મેરો તો ગિરિધર ગોપાલ દૂસરા ના કોઈ''..નરસિંહ મહેતાએ મહાદેવજીને રીઝવીને કૃષ્ણ અને રાધાની રાસલીલા જોવાનું વરદાન માંગેલુ.. એમણે રાસલીલા જોઈ અને કૃષ્ણભક્ત બની ગયા..

આપણી હિંદુ સંસ્કૃતિ મૂર્તિપૂજામાં માને છે.. મૂર્તિ એ સાકાર સ્વરૂપ છે.. મૂર્તિ કે છબીમાં મનનું તાદાત્મ્ય સધાય છે અને પવિત્ર ભક્તિભાવ ઉત્પન્ન થાય છે.. આપણું તનમન પ્રભુમય બની જાય છે.

નિરાકારમાં શ્રધ્ધા ભક્તિ ૠષિમુનિઓ માટે સહજ હશે પણ આપણા માટે એટલું સહજ નથી. આપણે સાકાર સ્વરૂપનું પ્રત્યક્ષ કે પરોક્ષ અવલંબન લઈ એજ છીએ.

---

NOG SS NO - 0050
વિષય - સાકાર - નિરાકાર
શીષૅક - નિરાકાર આકાર
શબ્દો - ૧૫૨.
નામ - રાગીની શુક્લ 'રાગ' મુંબઈ.

સપનાંઓ એટલે તમન્નાઓ, ઈચ્છાઓ..!
કોઈ પામે સાકાર મુર્તિરૂપે ..!
ના કોઈ પામે આકાર જીવરૂપે..!
કોઈ ખરેખરા સાચાં પડે..!
તો કોઈ યાદોની તસવીરમાં...!
પોતાના શોખમાં ક્યાંક ખોવાઈ જવાય ..!
મસ્તીના રંગમાં રંગાઈ જવાય..!
શોખમાં મુજને વિસરી જાય..!
પોતાનાં સમયમાં જીવે સૌ..!
દુનિયાનાં રંગમાં પોતાનાને દૂર કરતો રહે માનવી..!
પગ ઉપર ઉભાં રહેતાં શીખી ગયો...!
સપનાંઓ સાકાર કરવા મથે..!
દરેકને પોતાનાં સપનાં સાકાર કરવાની અવનવી તકો મળે..!
જીવનમાં તમને મળવાનો સાર લાગે છે..!
પ્યાર કદાચ મારા માટે..!
તમને જોતાં પાક્કો યાર લાગે છે ..!
જાણે જૂનો વ્યવહાર લાગે છે..!
પોતાનો હોવાનો અણસાર લાગે છે...!
તારાં વગર સમયને વિતાવતા વાર લાગે છે..!
બેરૂખી ભર્યા વલણોથી પરેશાની મળે છે...!
ખાલીપણાની સંભાવનાથી હેરાન છું...!
મનનાં ઘૂટેલા નામનાં મીંડા થયાં...!
પડછાયો માગૅ છોડી નથી શકતો..!
થીજેલાં સંબંધો તુફાન લાગે..!
મનુ નું જીવન તાણમય બને...!
લાગણીઓના અતૂટ દોરા...! કરું તારી ભક્તિ હું ને..!
તારી કૃપાથી તું મળતો મને..!
મારી પ્રાર્થનાનો પોકાર છે..!
પનારો તારો અવિરત મારે...!
હરિ તારો નિરાકાર આકાર છે...!
નાતો નિભાવતો પુકાર ..!
સાંભળીને દોડતો આવતો...! ભક્તોનો નાતો નિભાવે અધિક થી અધિક...!

રાગીની શુક્લ 'રાગ' મુંબઈ.

---

NOG SS No 149
વિષય સાકાર નિરાકાર
પ્રકાર લેખ
નામ પલ્લવી જોશી. સરિતા, વડોદરા

સાકાર

સાકાર એટલે સ + આકાર,
નિરાકાર એટલે નિર્ + આકાર,

સાકાર એટલે જેનો આકાર છે તે, ને નિરાકાર એટલે જેનો કોઈ જ આકાર નથી તે.

પરબ્રહ્મ પરમાત્મા દરેક જીવનાં શરીરમાં રહેલા છે.તે કોઈ પણ જીવમાં સાકાર રૂપે રહેલા છે.

કોઈ પણ જીવનાં હૃદયમાં એક આત્મા રૂપે નિવાસ કરે છે.તે આપણી પડખે હંમેશા નિજાનંદ, નિત્યાનંદ, પરમાત્મા બની ઊભા રહે છે. ઘણીવાર જીવનમાં એવો સમય આવે છે ત્યારે માણસ એકદમ નિરાશ ને હતાશ થઈ જાય છે,ત્યારે મંદિરમાં સાકાર એટલે કે કંડારેલી ભગવાનની મૂર્તિ પાસે બેસી રડે છે,ને દુવા માંગે છે.

પણ એ અબોધ માનવીએ એ ખબર નથી કે એનામાં જ આ સાકાર નિરાકાર પરબ્રહ્મ પરમાત્મા બેઠો છે તો બીજે જવાની શું જરૂર છે ?

તારા સૂઈ ગયેલા આત્માને જગાડ સાક્ષાત્ ઈશ્વર તારા હૃદય કમળમાં ચતુર્ભુજ રૂપે બિરાજમાન જ છે.

આજ સાકાર રૂપનું ધ્યાન કર્યા પછી આપને એના નિરાકાર રૂપને જાણી શકતા નથી. ઈશ્વર નાં નિરાકાર સ્વરૂપનું દર્શન કરવા ખૂબ કઠિન છે.બીજા બધાં પદાર્થો આકાર ધરાવતા હોવાથી એ સાકાર કહેવાય છે.પરંતુ પરબ્રહ્મ પરમાત્મા જ નિરાકાર છે.

એટલે જ તો કવિ નરસૈંયા એ કહ્યું છે ને કે
હે અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ,
જૂજવે રૂપે અનંત ભાસે....

---

NOG.SS.NO: 0088
વિષયઃ સાકાર નિરાકાર
શબ્દઃ ૮૦
શીર્ષકઃ પામવાની પરોજણ!
લેખિકા નામઃ ડૉ. મનીષા વ્યાસ

શિલાઓ કંડારી કોતર્યા આકારમાં નિરાકારને
ઢાળનારને ઢાળ્યા બરાબર બીબાંઢાળ ઢાળીને!
પંચતત્વનો આકાર શું? ઢાળે એમાં ઢળવાનો..
પાણી, તેજ, વાયું, અગ્નિ પૃથ્વીમાં ભળવાનો
તું ઘડે સર્વાંગ ચેતને ને હું અચેતન પત્થરે..
તારો જ બનાવેલો લે તુજને કેવો બનાવે!
છે વ્યાપ્ત નિરાકાર છતાં ઘડું હું આકાર..
ભલે તું હૈયે બેસી કરે કામ સઘળાં સાકાર..

# રાજકોટના ગોંડલના વાસાવડ ગામે બે કિશોર ડૂબી જતા મોત

(એ.આર.એલ),રાજકોટ,તા.૨૨

રાજકોટના ગોંડલના વાસાવડ ગામે બે કિશોરના ડૂબી જતા મોત નિપજ્યા છે. બંન્ને મૃતક કિશોર નદીમાં નાહવા પડ્યા હતા. ગઈકાલે રાત્રીના સમયે બંન્ને કિશોર ગુમ થયા હોવાનું સામે આવ્યું હતુ. જેમના આજે સવારે બંન્નેના મૃતદેહ મળી આવ્યા છે. મૃતદેહને તાત્કાલીક ધોરણે પોસ્ટમોર્ટમ માટે ગોંડલ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

તો બીજી તરફ બોટાદ ખાતે આવેલા કૃષ્ણસાગર તળાવમાં ૫ લોકો ડૂબ્યા હોવાની ઘટના સામે આવી હતી. મહત્વનુ છે કે પાંચેય તરુણ અને યુવાનો ન્હાવા ગયા હતા અને ડુબી જવાથી મોત તમામના મોત નિપજ્યાં હતા. મહત્વનુ છે કે મરનાર તમામ બોટાદ શહેરના મહંમદ નગર વિસ્તારના રહેવાસી હતા. ઘટનાની જાણ પોલીસ વિભાગને થતા જિલ્લા જીઁ સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો.

આ અગાઉ સુરતના હજીરા વિસ્તારમાં તળાવમાં ડૂબી જતા બે સગી બહેનોના મોત થયા હોવાની માહિતી સામે આવી હતી. છસ્દ્ધજી કોલોનીના તળાવ આસપાસ બે બહેનો રમી રહી હતી. તે દરમિયાન બંને બાળકી ડૂબી ગઇ હોવાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવી રહ્યુ હતુ. બંને બહેનો બપોર બાદ ગુમ થઇ ગઇ હતી. જે પછી પરિવારજનો દ્વારા બંનેની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. જે પછી તળાવમાંથી બંને બહેનોના મૃતદેહ મળી આવ્યાં હતા. એક સાથે બે બહેનોના મોત થતાં પરિવાર સહિત આસપાસનો સ્થાનિકોમાં શોકનો માહોલ જોવા મળી રહ્યો હતો.

થોડા દિવસ પહેલા પણ વડોદરાના સાવલીમાં મહીસાગર નદીમાં ડૂબવાથી વિદ્યાર્થીનું મોત થયુ હતુ. સાવલીના લાંછનપુરા ગામ પાસે ૨૧ વર્ષીય અભિષેક પટેલ નામનો વિદ્યાર્થી તેના ૭ જેટલા મિત્રો સાથે મહીસાગર નદીમાં નાહવા આવ્યો હતો. અભિષેક પટેલ નદીમાં ડૂબતા સ્થાનિક તરવૈયાએ તેને નદીમાંથી બહાર કાઢ્યો હતો. વિદ્યાર્થીને તાત્કાલિક સારવાર અર્થે સાવલી આરોગ્ય કેન્દ્ર ખસેડાતા ત્યાં ફરજ પર હાજર તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

## વડોદરાના પાણીગેટ પોલીસે બાતમીના આધારે ફરાર લૂંટેરી દુલ્હન ઝડપાઈ

(એ.આર.એલ),વડોદરા,તા.૨૨

વડોદરાની પાણીગેટ પોલીસે છેલ્લા એક વર્ષથી ફરાર લૂંટેરી દુલ્હન શીતલ રાઠોડને આખરે ઝડપી પાડી છે. લૂંટેરી દુલ્હન લોકો સાથે લગ્ન કરીને રૂપિયા પડાવીને ફરાર થઇ જતી હતી. ત્યારે સુરતના રત્ન કલાકાર સાથે એક લૂંટેરી દુલ્હને લગ્ન કર્યા હતા. લગ્ન કર્યા બાદ લૂંટેરી દુલ્હન શીતલે કરજણના વચેટિયા મારફતે રૂપિયા ૧.૩૦ લાખ પડાવ્યા હતા. આરોપી શીતલ લગ્નના થોડા સમય સાસરિયામાં રહ્યા બાદ ત્યાંથી ફરાર થઇને વડોદરા પરત આવી હતી. જે બાદ ભોગ બનનાર યુવકને ઠગાઇ થયાની જાણ થતા સુરત પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આરોપી શીતલ વડોદરામાં હોવાની બાતમી મળતા પાણીગેટ પોલીસે તેને ઝડપી પાડી છે.

# એમસીએક્સ પર કોટનમાં ૪,૮૯૬ ખાંડીના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં ખાંડીદીઠ રૂ.૧,૭૬૦નો કડાકો

**કીમતી અને બિનલોહ ધાતુઓના વાયદાઓમાં સાર્વત્રિક ઘટાડોઃ ક્રૂડ તેલનો વાયદો સુધર્યોઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૭,૯૪૨ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૪૦૭૧ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૨૩ કરોડનાં કામકાજ**

## ડેઈલી માર્કેટ રિપોર્ટ
### નૈમિષ ત્રિવેદી

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૩,૦૫,૩૩૩ સોદાઓમાં કુલ રૂ.૨૨,૦૩૬.૬૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૭,૯૪૧.૬૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૪૦૭૧.૮૬ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૭,૧૧૧ સોદાઓમાં રૂ.૪,૯૩૦.૭૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૦,૨૪૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૪૩૦ અને નીચામાં રૂ.૬૦,૧૬૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૦ ઘટી રૂ.૬૦,૩૨૯ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૪ ઘટી રૂ.૪૮,૪૭૬ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨ વધી રૂ.૬,૦૫૨ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧ ઘટી રૂ.૬૦,૩૩૮ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૩,૧૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૩,૩૮૧ અને નીચામાં રૂ.૭૨,૫૫૭ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૬૬ ઘટી રૂ.૭૩,૧૫૫ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧૨૭ ઘટી રૂ.૭૩,૧૫૮ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧૨૩ ઘટી રૂ.૭૩,૧૬૧ બોલાઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૦,૬૫૧ સોદાઓમાં રૂ.૧,૨૧૭.૭૨ કરોડના વેપાર થયા હતા. તાંબુ મે વાયદો રૂ.૭૧૯.૯૫ના ભાવે ખૂલી, રૂ.૭.૦૫ ઘટી રૂ.૭૧૭.૧૦ જ્યારે એલ્યુમિનિયમ મે કોન્ટ્રેક્ટ રૂ.૧.૩૫ ઘટી રૂ.૨૦૮.૯૫ તેમ જ સીસું મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૦ ઘટી રૂ.૧૮૪ના ભાવ થયા હતા. જસત મે કોન્ટ્રેક્ટ રૂ.૨.૫૦ ઘટી રૂ.૨૨૩ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૨૫ ઘટી રૂ.૨૦૯.૨૫ સીસુ-મિની મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૫ ઘટી રૂ.૧૮૩.૭૫ જસત-મિની મે વાયદો રૂ.૨.૫૦ ઘટી રૂ.૨૨૨.૯૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૯,૨૪૭ સોદાઓમાં રૂ.૧,૭૫૪.૧૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૯૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૯૭૪ અને નીચામાં રૂ.૫,૮૭૩ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૦ વધી રૂ.૫,૯૬૯ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.૩૮ વધી રૂ.૫,૯૭૦ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૧૧ના ભાવે ખૂલી, રૂ.૫.૨૦ ઘટી રૂ.૨૦૯.૧૦ અને નેચરલ ગેસ-મિની મે વાયદો ૫.૨ ઘટી ૨૦૯.૧ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૩૯.૦૩ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૦,૩૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૩૦૦ અને નીચામાં રૂ.૫૯,૦૨૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧,૭૬૦ ઘટી રૂ.૫૯,૨૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨ વધી રૂ.૯૫૫.૯૦ બોલાયો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૭૭૨.૫૭ કરોડનાં ૪,૫૯૨.૬૯૦ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૧૫૮.૨૨ કરોડનાં ૨૯૫.૨૪૨ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૬૦૫.૧૭ કરોડનાં ૧૦,૨૦,૬૨૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧,૧૪૮.૯૪ કરોડનાં ૫,૩૪,૮૮,૭૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૯૭.૦૪ કરોડનાં ૪,૬૪૮ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૪૧.૪૭ કરોડનાં ૨,૨૫૨ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૭૪૧.૮૫ કરોડનાં ૧૦,૩૨૩ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૩૭.૩૬ કરોડનાં ૧૫,૧૧૭ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૨૯.૧૮ કરોડનાં ૪,૮૯૬ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૯.૮૫ કરોડનાં ૧૦૨.૨૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૦,૮૪૮.૩૩૮ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૨૪.૭૩૫ ટન, તાંબાના વાયદાઓમાં ૧૮,૧૦૫ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૩,૯૮૮ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૪,૦૫૯ ટન તથા જસત અને જસત-મિનીમાં ૩૨,૮૨૧ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૧,૬૪,૨૬૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૩,૯૯,૦૪,૭૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૯,૨૪૮ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૨૭૨.૫૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૨૩.૧૪ કરોડનાં ૨૮૪ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૬૨૬ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ મે વાયદો ૧૬,૨૮૧ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૩૩૯ અને નીચામાં ૧૬,૨૫૮ બોલાઈ, ૮૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૫ પોઈન્ટ ઘટી ૧૬,૩૨૪ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૧૪૦૭૧.૮૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૭૦૪.૪૧ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૪૪.૨૬ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૫૯૬૭.૪૧ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૦૫૨.૨૮ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૨૪૨.૪૭ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જૂન રૂ.૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૮૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૦૯ અને નીચામાં રૂ.૧૬૮ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૧.૭૦ વધી રૂ.૨૦૫.૯૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૧૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૬ ખૂલી, ઉપરમાં રૂ.૬.૨૦ અને નીચામાં રૂ.૩.૭૦ રહી, અંતે રૂ.૩.૪૦ ઘટી રૂ.૪.૬૫ થયો હતો. સોનું મે રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૯૩.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૨૦ અને નીચામાં રૂ.૬૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૦.૫૦ વધી રૂ.૯૯.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૮૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૨૫ અને નીચામાં રૂ.૭૦ રહી, અંતે રૂ.૫.૫૦ વધી રૂ.૧૦૩ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૧૦૦ના ભાવે ખૂલી, રૂ.૪૪ ઘટી રૂ.૨,૦૯૫ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૯૦૦ના ભાવે ખૂલી, રૂ.૪ ઘટી રૂ.૧,૯૮૯.૫૦ થયો હતો. તાંબુ મે રૂ.૭૩૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૬૦ ઘટી રૂ.૦.૨૩ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો. આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જૂન રૂ.૫,૯૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૩૯.૪૦ અને નીચામાં રૂ.૧૮૮.૨૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૯.૪૦ ઘટી રૂ.૧૯૨.૩૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૧૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪.૩૦ ખૂલી, ઉપરમાં રૂ.૫.૮૫ અને નીચામાં રૂ.૩.૪૦ રહી, અંતે રૂ.૧.૮૦ વધી રૂ.૫.૫૫ થયો હતો. સોનું મે રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૮૨ અને નીચામાં રૂ.૧૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૬.૫૦ વધી રૂ.૧૪૭.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૬૧ અને નીચામાં રૂ.૧૦૭ રહી, અંતે રૂ.૨૩.૫૦ વધી રૂ.૧૪૬.૫૦ થયો હતો. ચાંદી જૂન રૂ.૭૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૯૪૭.૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૧૫.૫૦ વધી રૂ.૧,૮૭૫ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૩૫૦ના ભાવે ખૂલી, રૂ.૫૭.૫૦ વધી રૂ.૧,૩૩૨ થયો હતો.

# વાસી

વાસી, પ્રવાસી, રહેવાસી, વ્રજવાસી, સ્વર્ગવાસી પંચ મહાભૂતની માફક આ પાંચે એકબીજાને વળગીને રહ્યા છે. દરેક શબ્દમાં માત્ર 'સી' અંતે આવે છે એટલી જ સામ્યતા છે. બાકી જોવા જઈએ તો દરેકના અર્થમાં આસમાન અને જમીન જેટલો તફાવત જણાશે.

'વાસી' શબ્દ સાંભળતા હાથની આંગળી નાક પાસે પહોંચી જાય. જાણે શબ્દમાં દુર્ગંધ ન સમાઈ હોય. આ શબ્દ આપણા ભારતમાં ખૂબ પ્રચલિત છે. સવારે બનાવેલું તાજુ ભોજન રાતે વાસી થઈ જાય. સવારે દૂધવાળો દૂધ આપી જાય તો બપોરે વાસી થઈ જાય. મને યાદ છે,' ૫૫ વર્ષ પહેલાં મારા પહેલા બાલકને સવારનું દૂધ સાંજે ન આપતી. હું ચામાં વાપરું અથવા તેનું દહી બનાવતી'. રાતના જમી રહ્યા બાદ જો ભોજન વધે તો મકાનમાંથી નીચે ઉતરી ભૂખ્યા જનનું ઉદર ઠારતી. ઘરમાં કામવાળી બાઈ આવી હોય તો તેને પરિવાર માટે લઈ જવા કહેતી. આજની તારિખમાં આ'વાસી' શબ્દ શબ્દકોષમાંથી છૂ થઈ ગયો છે.

આ વાસી શબ્દ વાસી લાગશે. અમેરિકા આવ્યા પછી 'વાસી'ની પરિભાષા બદલાઈ ગઈ છે. અંહી કશું 'વાસી' થતું નથી. અમેરિકા આવો તો કોઈનું ફ્રીજ ખોલી જો જો. તમારા સવાલનો જવાબ પ્રાપ્ત થશે. જો કોઈને ત્યાં તાજું રાંધેલું મળે તો તમારી જાતને ભાગ્યવાન સમજશો !

'પ્રવાસી' શબ્દ ખૂબ પ્રચલિત છે. જીવનના એવા મુકામે આવીને ઉભી છું કે, પ્રવાસી શબ્દ સાથે પ્રેમ થયો છે. અનુકૂળ સંજોગો હોય ત્યારે તરત પ્રવાસ ખેડું છું. એક વાત કહીશ, નવા સ્થળો જોવા ગમે છે, પછી તે ભારતમાં હોય કે વિદેશમાં ! કિંતુ જઈને આવ્યા પછી બહુ જલ્દી સ્થળ અને તેની વિગતો દિમાગમાંથી નિકળી જાય છે. હા, પ્રવાસ દરમ્યાન તેનો દિલથી ભરપૂર આનંદ માણું છું. પ્રવાસ દરમ્યાન સગવડ જે પણ હોય બહુ ફરિયાદ કરવાની આદત નથી. સ્થળ અને સંજોગ પ્રમાણે ગોઠવાઈ જવું ગમે છે.

તમે નહી માનો મિત્ર સાથે ગુજરાતના પ્રવાસે ગઈ હતી. હવે ગુજરાતના ગામડાં કાંઈ લંડન કે પેરિસ નથી !

''અંહી તો ધૂળ બહુ છે'' !

મનમાં થયું,'' તો શું અંહી સ્નો હોય'' ?

ભારતિય મૂળના પણ ગુજરાતના ન હોવાથી આવું કહે !

'રહેવાસી', આ શબ્દ સાથે મધુરી યાદોની બારાત છે. બચપનથી ગાતી આવી છું. જે પંક્તિ આજે પણ ખૂબ પ્રિય છે.

''અમે મુંબઈના રહેવાસી હો અમે મુંબઈના રહેવાસી''.

''પ્રવાસ'' એ ખૂબ મોટો ઉદ્યોગ થઈ ગયો છે. આખી દુનિયા હવે ખૂબ નાની લાગે છે. એક વાત કહું બે વર્ષ પહેલાળ હું ૨૪ કલાકની અંદર ત્રણ દેશ કહો કે ત્રણ ખંડમાં હતી. સવારે અમેરિકા, આઠ કલાકમાં યુરોપ અને બીજા બાર કલાકમાં એશિયા.(ભારત) ત્રણે ઠેકાણે ચાર્જ કાર્ડ વાપર્યું હતું. તરત મને સંદેશો આવ્યો , એક દિવસમાં ત્રણ ખંડોમાં આ ચાર્જ કાર્ડ વપરાયું છે. એ તમે જ છો.

મારે 'હા' નો સંદેશો મોકલવો પડ્યો હતો. આ છે પ્રવાસની મંગળ ગાથા.

રહેવાસી તો આપણે જ્યાં રહીએ ત્યાંના. કિંતુ જે ભૂમી સાથે દિલ અને જાન જોડાયા હોય તેનો મહિમા અલગ. ભારત છેડે ૪૫ વર્ષ થયા પણ સદા મનમાં ગૂજે, 'અમે મુંબઈના રવાસી' .

જ્યાં જન્મ ધર્યો, બાળપણ ગુજાર્યું, જુવાની પાંગરી, લગ્નના પવિત્ર બંધનમાં બંધાઈ, બે પ્યારા બાળકો દ્વારા માતૃત્વને પામી. એ લાગણિ વર્ણવવી મુશ્કેલ છે. હા, અમેરિકા સાથે પ્રિતડી બંધાઈ છે. જીવન પાંગર્યું, બાળકોએ પ્રગતિના સોપાન સર કર્યા. ખુશીથી કહીશ,' હા, હું અમેરિકાની રહેવાસી છું'.

વ્રજ વહાલું રે વૈકુંઠ નહી જાઉં.
ત્યાંતો નંદ કુંવર કયાંથી લાવું

એવા વ્રજવાસીની વાત છે. ગોળ ખાધો હોય તે મિઠાશ અનુભવે. વર્ણન કરવું અઘરું છે. ગોકુળની ગલીઓ અને વ્રજવાસીની પ્રિત પેલો કાનો જાણે ! આમ વ્રજમાં રહેવું વ્રજવાસી બનવું અને વ્રજની રજ સાથે નાતો જોડવો એ સહુના ભાગ્યમાં નથી હોતું.

સ્વર્ગવાસી , શ્બ્દ ખૂબ લોકપ્રિય નથી. પણ એ શબ્દ અવરનવાર કાને અથડાય છે. દિલમાં હલચલ ઉત્પન્ન કરવા સમર્થ છે. છતાં પણ તેના વિશે આંખ મિંચામણા ન કરી શકાય. જેનો જન્મ છે એક દિવસ એ સ્થિતિ નિશ્ચિત છે. માટે અપનાવવો રહ્યો.

એક સુંદર વાત યાદ આવી ગઈ, મારા મિત્રની દીકરી હોંશિયાર હતી. એક દિવસ મેં તેને પૂછ્યું, ' હવે બે વર્ષ પછી મમ્મી લગ્ન કરવાનું કહેશે.

હા, માસી.

તું તૈયાર છે ?

ના તો ન પડાય !

ભવિષ્યનો કાંઇ વિચાર કર્યો ?

માસી એક વાત કહું કોઈને કહેશો નહી.

ના નહી કહું.

માસી હું સાસરે જઈને સ્વર્ગ જેવું વાતાવરણ ખડું કરી દઈશ,

અરે વાહ, તું તો ખૂબ સુંદર વિચાર ધરાવે છે.

પણ માસી સાંભળો તો ખરાં, પછી હું ઘરના સર્વેને સ્વર્ગવાસી બનાવી દઈશ.''

મારી હાલત, વાઢો તો પણ લોહી ન નિકળે એવી થઈ ગઈ !

**-પ્રવિણા કડકિયા.હ્યુસ્ટન**

NEWS OF GANDHINAGAR_P-3

# નકલી સોનું પધરાવી ફાઈનાન્સ કંપનીને ૧૩ લાખનો ચૂનો લગાવનારા ૮ ચીટર સામે FIR

રાજકોટ: મુથૂટ ફિનકોર્પ લિમિટેડની જૂનાગઢ શાખામાંથી નકલી ગોલ્ડ સામે કથિત રીતે લોન લેવા બદલ જૂનાગઢના બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આઠ વ્યક્તિઓ સામે ફરિયાદ દાખલ કરી છે. બ્રાન્ચ મેનેજર પ્રવિણ માવડિયાએ આઠ લોકો વિરુદ્ધ છેતરપિંડી અને વિશ્વાસભંગની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં દિલીપ ભરાડા, ભૂમિત સાંગાણી, મેરખી ડાંગર, લખન વદર, દિલીપ મોકરીયા, રાહુલ પરમાર, દિપક ભટ્ટ અને ઈમરાન પલેજાના નામ આરોપી તરીકે છે જેમણે અલગ-અલગ સમયે ગોલ્ડ સામે લોન લીધી હતી. ફાઈનાન્સ કંપની દ્વારા ઓડિટ દરમિયાન સોનું નકલી હોવાનું જાણવા મળ્યું હતું. ૧૨.૯૫ લાખની લોન મેળવવા માટે આરોપીઓએ તેમનું સોનું કંપની પાસે ગીરવે રાખ્યું હતું. ઈમરાને ૨૦૨૧માં જયારે બાકીના અન્ય સાત આરોપીઓએ ૨૦૨૦માં ૧૯.૫%થી ૨૩%ના વાર્ષિક વ્યાજ દરે લોન લીધી હતી. આ સમગ્ર મામલે મેનેજર માવદિયાએ પોલીસને જણાવ્યું હતું કે કંપનીના ત્રણ ગોલ્ડ ચેકર્સે સોનાની શુદ્ધતાની ચકાસણી કરી ત્યારે તે નકલી હોવાનું જણાયું હતું.૪૫ વર્ષીય પ્રવિણભાઈ માવજિયા પોલીસ ફરિયાદમાં જણાવ્યું કે, તેઓ વર્ષ ૨૦૧૧થી નોન-બેક્િંગ ફાઈનાન્સ કંપની મુથુટ ફિનકોર્પ લિમિટેડ સાથે જોડાયેલા છે અને માર્ચ ૨૦૨૨થી જુનાગઢમાં મોતીબાગ રોડ પર આવેલી કંપનીની બ્રાન્ચમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. તેમના જણાવ્યા અનુસાર તેમની કંપની ભારત સરકારમાં કાયેદસર રીતે નોંધાયેલી છે અને તેની હેડ ઓફિસ કેરળના ત્રિવેન્દ્રમ ખાતે છે. સાથે જ તેમની કંપની RBI સાથે નોન-બેક્િંગ ફાઈનાન્સ તરીકે પણ નોંધાયેલી છે.

મુથુટ ફિનકોર્પ કંપનીનો પ્રાથમિક ધંધો સોનાના દાગીના અથવા કોઈપણ સિક્યોરિટી ઉપર એડવાન્સ પેટે લોન તેમજ RBI દ્વારા બનાવેલા નીતિ-નિયમો તેમજ માર્ગદર્શિકા હેઠળ બીજી નોન-બેક્િંગ ફાઈનાન્સ સેવાઓ પૂરી પાડવાનું છે. તેના માટે કસ્ટમર્સ પાસેથી લોન લેવા માટેનું ફોર્મ ભરાવ્યા બાદ સહી કરાવીને તેમજ તેમના એડ્રેસ માટે આઈડી પ્રુફ લેવામાં આવે છે. ત્યારબાદ કસ્ટમર જે સોનું આપે છે તેને ગોલ્ડ ચેકર દ્વારા તપાસમાં આવે છે અને બધી જ કાર્યવાહી પૂર્ણ થયા બાદ કસ્ટમરને ગોલ્ડ લોન આપવામાં આવે છે.ફરિયાદ અનુસાર ૨૦૨૦-૨૧માં સંદિપભાઈ સાધવાની ધોરાજીના બ્રાન્ચ મેનેજર હતા ત્યારે કેટલાક ગ્રાહકોએ કંપનીને નકલી સોનું પધરાવીને છેતરપિંડી આચરી હતી. જેમાં કુલ ૮ આરોપીઓના નામ સામે આવ્યા છે.મહત્વનું છે કે, ઓફિસના ઓડિટરોએ ઓડિટ કરતા આ મામલો સામે આવ્યો હતો. આરોપીઓ સોનામાં બીજી ધાતુનો ઉપયોગ કરીને બનાવટી સોનું આપીને તે સાચુ હોવાનો દાવો કર્યો હતો. બાદમાં જરૂરી ડોક્યુમેન્ટ્સ આપીને કંપનીને વિશ્વાસમાં લીધી હતી. જો કે, આરોપીઓએ આજદિન સુધી લીધેલી લોનની મૂળ રકમ કે વ્યાજ પરત ન કરતા કંપનીને બી ડિવીઝન પોલીસનો સંપર્ક કર્યો હતો. ફરિયાદના આધારે પોલીસે ઉપરોક્ત ૮ આરોપીઓ સામે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.




ક્વીન્સ સ્કવેર વુમન્સ એસોસીએશન દ્વારા સ્વ. અનિલાબેન કિશોરકુમાર શાહની યાદમાં ચેસ ન્યૂ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ એસોસીએશનના નેજા હેઠળ ઉપરોક્ત સ્થળે થયેલ. વિજેતા પ્રથમ દસ ખેલાડીઓને શ્રી ભાવેશ પટેલ (વાઈસ પ્રેસીડન્ટ, ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન) તેમજ શ્રી મયૂર પટેલ (વાઈસ પ્રેસીડન્ટ, ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન) દ્વારા રોકડ ઈનામ તેમજ ટ્રોફીથી સન્માનીત કરી ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. પ્રથમ ચાર વિજેતા ખેલાડીઓ અમદાવાદ, ગુજરાત ખાતે રમાનાર નેશનલ ટુર્નામેન્ટમાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે.

# કોલેજમાંથી કાઢી મૂકવાની ધમકી, ખેડા પોલીસપુત્રીના આપઘાત કેસમાં અનેક ખુલાસા

ખેડા: ડાકોરમાં પોલીસકર્મીની દીકરીએ આત્મહત્યા કરતા ચકચાર મચી ગઈ હતી. તેવામાં વિધર્મી યુવકના પ્રેમસંબંધ અને બ્રેકઅપ પછી તેની મુશ્કેલીમાં વધારો થયો હતો. પ્રાપ્ત વિગતો પ્રમાણે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે. અત્યારે અબ્દુલ્લા નામના યુવકનું લેપટોપ જપ્ત કરાયું છે તથા રિમાન્ડ મેળવી લીધા છે. જોકે તેણે પોતાનો મોબાઈલ ફોન કોઈને મળે નહીં એમ છુપાવી દીધો છે. આ દરમિયાન પોલીસકર્મીએ તેની દીકરીના આત્મહત્યા કેસમાં કોલ રેકોર્ડિંગ્સ પણ મંગાવ્યા હતા. જેને જોતા ચકચાર મચી ગઈ હતી.યુવતીના પિતા જ પોલીસકર્મી છે ત્યારે તપાસ દરમિયાન તેમની પાસે રેકોર્ડિંગ્સ આવ્યા હતા. જેમાં તેમની દીકરી આ વિધર્મી યુવક સામે કરગરતી રહેતી હતી. વિધર્મી સાથે પ્રેમસંબંધ તોડી નાખતા યુવતીને તે બ્લેકમેલ કરતો હતો. એટલું જ નહીં તેને કોલેજમાંથી કાઢી મુકાવીશ અને સમાજમાં બદનામ કરવાની ધમકી આપતો હોવાની પણ માહિતી મળી રહી છે. જેથી કરીને રેકોર્ડિંગ્સ અને અન્ય પુરાવાના આધારે પોલીસે આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી દીધી છે.વિગતો પ્રમાણે જાણવા મળ્યું કે મૃતક યુવતી અને તેના ફોઈનું ઘર નજીકમાં હતું. આ દરમિયાન યુવતીનો આ વિધર્મી યુવક સાથે સંપર્ક થયો હોવાનું સામે આવ્યું છે. જોકે બંને વચ્ચેના પ્રેમસંબંધ પર યુવતીએ પૂર્ણ વિરામ લગાવી દેતા મામલો બિચક્યો હતો. વિધર્મી યુવક ત્યારપછીથી તેને માનસિક ત્રાસ આપતો થઈ ગયો હતો. એટલું જ નહીં આનાથી કંટાળી યુવતીએ માતા-પિતાની ગેરહાજરીમાં આત્મહત્યા કરી લીધી હતી.અબ્દુલ્લાએ બ્રેકઅપ પછી યુવતી પર નજર રાખવાનું ચાલુ રાખ્યું હતું. એટલું જ નહીં તેને શંકા ગઈ કે આ યુવતી હવે અન્ય કોઈ યુવક સાથે પ્રેમ સંબંધમાં છે. આનો ફાયદો ઉઠાવી તે એના ઘરે અને કોલેજમાં અંગત માહિતી લીક કરવાનું કહી ધમકીઓ આપતો હતો. એટલું જ નહીં મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે જે કોલ રેકોર્ડિંગ્સ મળ્યા છે તેમાં યુવતી આ વિધર્મી યુવક સામે કરગરતી જોવા મળી હતી. તે જોરજોરથી રડતી અને બધા પ્રુફ રાખી મૃત્યુને ભેટી જઈશ એમ પણ કહેતી હતી. જોકે આ દરમિયાન આરોપી તેને ઉશ્કેરતો રહેતો હતો.પોલીસ તપાસમાં મોટો ઘટસ્ફોટ થયો છે જેમાં જાણવા મળ્યું છે કે આરોપીએ મૃતક દીકરાના ભાઈને પણ ઈન્સ્ટાગ્રામમાં મેસેજ કર્યા હતા. પોલીસે ત્યારપછી આ વિધર્મી યુવકનું લેપટોપ જપ્ત કરી લીધું છે. જોકે મોબાઈલ ફોન પણ સંતાડી દેતા પોલીસે વધુ તપાસ શરૂ કરી દીધી છે. જોકે વિધર્મી યુવતીના ભાઈને એમ કહ્યું હતું કે તારી બહેનનું અફેર છે. હવે પોલીસ આ અંગે વધુ તપાસ કરશે અને ફ્રેન્ડ સર્કલને પણ પૂછપરછ માટે બોલાવી શકે છે.

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વેકેશન વિજ્ઞાન સંઘ કાર્યક્રમ અંતર્ગત સાયન્સ ફિલ્મ શો કાર્યક્રમ યોજાશે

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલૉજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓ માટે વિવિધ વિજ્ઞાન લક્ષી કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓ પોતાની રજાઓ ટીવી વિડીયો ગેમ અને બિન જરૂરી પ્રવૃત્તિમાં વેડફી ન દે તે હેતુથી સાયન્સ સેન્ટર દ્વારા વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. આ વેકેશન વિજ્ઞાન લક્ષી કાર્યક્રમ અંતર્ગત તારીખ ૨૩/૦૫/૨૦૨૩ થી ૨૫/૦૫/૨૦૨૩ સુધી રાત્રે ૮:૦૦ થી ૧૦:૩૦ વાગ્યા ના સમયમાં નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર બ્લોક નંબર ૬૧/૧,ઘ-ટાઈપ,સેક્ટર-૨૩ ખાતે વિજ્ઞાનની રોમાંચક અને સાયન્સ થીમ બેઝ જેવી કે જુરાસીક વર્લ્ડ ભાગ-૩,ધ ટુમોરો વાર, જર્ની ટુ ધ મિસ્ટરી આયલેન્ડ જેવી ફિલ્મ દર્શાવવામાં આવશે. આ ફિલ્મો મોટા સ્ક્રીન પર દેખાડવામાં આવશે આ ફિલ્મોનિહાળવા માટે વિદ્યાર્થીઓ અને વાલીઓને હાર્દિક નિમંત્રણ છે. આ ફિલ્મો દેખાડવાના કોઈ ચાર્જ લેવામાં આવશે નહીં.

# યૂટ્યુબર્સે મહિલા આર્ટિસ્ટને બ્લેકમેલ કરી રૂ.૨.૫૦ કરોડ માગ્યા, ગેંગસ્ટર દ્વારા જાનથી મારવાની આપી ધમકી

અમદાવાદ: યૂટ્યુબ ચેનલ ચલાવતા એક પુરુષ અને સ્ત્રીએ કલાકાર પાસેથી ૨.૫૦ કરોડ રૂપિયાની ખંડણીની રકમ માગી હતી. આ દરમિયાન તેને ધમકીઓ આપવામાં આવી હતી એટલું નહીં આ મહિલા આર્ટિસ્ટને ધમકાવવા માટે તેઓ જેલમાંથી જામીન પર બહાર આવેલા હત્યાના આરોપીની પણ મદદ લીધી હતી. આ અંગે ૨૮ વર્ષીય મહિલા આર્ટિસ્ટે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી દીધી હતી. પોલીસે આ અંગે વધુ કાર્યવાહી શરૂ કરી દીધી છે. તપાસ બાદ અનેક ખુલાસા થયા અને કેવી રીતે આ યૂટ્યુબર્સે કલાકારને મુશ્કેલીમાં મુકી એ વિગતો સામે આવી હતી.યુટ્યૂબ પર ચેનલ ચલાવતા વિનય દુબે અને પરીધીએ મળીને પ્રિયા સોનીને ફોન કર્યો હતો. આ દરમિયાન તેમણે ઈક્મટેક્સ ડિપાર્ટમેન્ટના દરોડા મુદ્દે સંપર્ક સાધ્યો હતો. પ્રિયા સોનીએ વધુમાં કહ્યું કે આ યૂટ્યુબર્સે તેની પાસેથી ૨.૫૦થી ૩ કરોડ રૂપિયાની માંગણી કરી હતી. એટલું જ નહીં તેમણે મહિલા આર્ટિસ્ટને ધમકી આપી કે જો તમે આટલા રૂપિયા નહીં આપો તો ઈક્મટેક્સ ડિપાર્ટમેન્ટના દરોડા અંગે તેઓ સમાચાર છાપી નાખશે. એટલું જ નહીં આની સાથે તેને બદનામ પણ કરશે એવી ધમકી આપી હતી.મહિલા આર્ટિસ્ટે વધુમાં કહ્યું કે આ યૂટ્યૂબર ત્યારપછી એક હત્યાના આરોપીને લઈને એના કરી આવ્યો હતો. અર્પણ પાંડે નામના આરોપી પર હત્યાનો કેસ ચાલે છે. દુબેએ જણાવ્યું કે આરોપી તાજેતરમાંથી જ જેલમાંથી મુક્ત થયો છે. તે કોઈપણ રીતે કાયદાકીય કેસમાં મહિલા આર્ટિસ્ટને ફસાવી બદનામ કરી દેશે. એટલું જ નહીં જો તેમણે રૂપિયા નહીં આપે તો જાનથી મારી નાખીશું એવી ધમકી પણ આપી હતી.નોંધનીય છે કે ત્યારપછી નવરંગપુરા પોલીસ સ્ટેશનના ઈન્સપેક્ટર છ્છ દેસાઈએ કહ્યું કે હજુ સુધી આ કેસમાંથી કોઈપણ આરોપીની ધરપકડ કરવામાં આવી નથી. ૩૧ ડિસેમ્બર ૨૦૨૨ના દિવસે નાણાકીય બાબતને લઈ આરોપી પાંડે અને તેના મિત્ર વચ્ચે ઝઘડો થયો હતો. આ દરમિયાન તેને મિત્રને ગોળીઓ મારી મોતને ઘાટ ઉતાર્યો હોય એવા આક્ષેપો લગાવાયા છે. જોકે પોલીસે આ કેસમાં પાંડે પર કોઈ કાર્યવાહી નથી કરી અત્યારસુધી પરંતુ દુબે અને પરિધિ વિરૂદ્ધ કેસ દાખલ કર્યો છે.

# વિજ્ઞાન ગુર્જરી દ્વારા પ્રોફેસર પીસી વૈદ્ય જન્મ જયંતી ઉજવાશે

વિજ્ઞાન ભારતી એ રાષ્ટ્રીય સ્તરે કાર્યરત સંસ્થા છે. જે સ્વદેશી વિજ્ઞાન ચળવળ ને પ્રોત્સાહિત કરે છે. વિજ્ઞાન ગુર્જરી એ વિજ્ઞાન ભારતીની ગુજરાત પ્રાંત એકમની સંસ્થા છે. વિજ્ઞાન ગુર્જરી સંસ્થા નો એક મુખ્ય હેતુ દેશના મહાન વૈજ્ઞાનિકો અને ગણિતજ્ઞો ના પ્રદાનની માહિતી આજની પેઢી સુધી પહોચાડવાની છે. ૨૩ મે ૧૯૧૮ જૂનાગઢ જિલ્લામાં સામાન્ય બ્રાહ્મણ પરિવારમાં જન્મેલા પ્રહલાદ વૈદ્ય , આઈન્સ્ટાઈન ના સાપેક્ષવાદ શાસ્ત્ર માં બેનમૂન સંશોધન કર્યું હતુ. આવા મહાન ગણિતશાસ્ત્રી ની સિદ્ધિઓ આજના સમાજને વર્ણવા , મિનિસ્ટ્રી ઓફ કલ્ચર અફેર અને વિજ્ઞાન ગુર્જરી ના સંયુક્ત ઉપક્રમે ગુજરાતના મહાન ગણિતશાસ્ત્રી પ્રોફેસર પી સી વૈદ્ય ની ૧૦૫ મી જન્મ જયંતી ઉજવવાના છે. જે અંતર્ગત જૂન માસમાં રાજ્યના જુદા જુદા શહેરોમાં ગણિત શિક્ષકો માટે ભારતીય ગણિત અને ગણિતજ્ઞો વિષયો પર કાર્યશાળા તેમજ શિબિર નું આયોજન કરવામાં આવશે.

# પત્નીને ભરણપોષણનો ખર્ચ ના આપવો પડે એટલે પતિએ કર્યું ગતકડું, કોર્ટે ઉઘાડો પાડતાં સીવાઈ ગયું મોં!

અમદાવાદ: પતિ-પત્ની વચ્ચે ડિવોર્સ થાય ત્યારે ભરણપોષણના ખર્ચનો મુદ્દો અગત્યનો રહે છે. પતિની આર્થિક સ્થિતિને આધારે તેને પત્નીને આપવાની થતી ભરણપોષણની રકમ નક્કી કરવામાં આવે છે. પરંતુ કેટલીયવાર ભરણપોષણની રકમ ના ચૂકવવા માટે પતિ દ્વારા વિવિધ ગતકડાં કરવામાં આવે છે. હાલમાં જ આવો કિસ્સો સામે આવ્યો છે. જેમાં પત્નીને ભરણપોષણની રકમ ના ચૂકવવા માટે પતિએ પોતાની આવક ઘટી ગઈ હોવાનું દર્શાવ્યું હતું. જોકે, કોર્ટે પતિની ચાલાકી પકડી પાડતાં તેને ભરણપોષણ ચૂકવવાનું કહ્યું છે. કોર્ટે નોંધ્યું કે, ઈનકમ ટેક્સ રિટર્ન હાથે કરીને ઓછું બતાવ્યું હતું જેથી કરીને જવાબદારીમાંથી છટકી શકાય.મેજિસ્ટ્રયલ કોર્ટે પતિને આદેશ કર્યો હતો કે તે પત્ની અને દીકરાના ભરણષોષણ પેટે દસ-દસ હજાર રૂપિયા અને ઘરના ભાડા પેટે ૩ હજાર રૂપિયા ચૂકવે. આ આદેશને પતિએ સેશન્સ કોર્ટમાં પડકાર્યો હતો. સેશન્સ કોર્ટે નોંધ્યું કે, ઓછી ઈનકમનું આઈટી રિટર્ન જાણી જોઈને બતાવવામાં આવ્યું છે. પતિએ કોર્ટમાં રજૂઆત કરી હતી કે, તે પોતાના ભાઈની ફેક્ટરીમાં મજૂર તરીકે કામ કરે છે. પરંતુ ૧.૧૦ લાખ રૂપિયા દર વર્ષે વીમા પેટે, હોમ લોનનું ૩૦,૦૦૦ રૂપિયા ઈએમઆઈ અને ૧૪,૦૦૦ રૂપિયા કારની ઈએમઆઈ ભરતો હોવાનું માલૂમ થતાં કોર્ટે પતિની અરજી ફગાવી હતી.પતિએ કોર્ટમાં દલીલ કરી હતી કે, તેની પત્ની સુશિક્ષિત છે અને શિક્ષક તરીકે કામ કરીને સારી એવી કમાણી કરે છે. ત્યારે કોર્ટે જવાબ આપતાં કહ્યું, ×આ કોર્ટનો મત છે કે, દેશમાં કેટલાય શિક્ષિતો બેરોજગાર ફરે છે. કમાવવાની ક્ષમતા અને ખરેખર કમાણી કરવી બંને અલગ અલગ બાબતો છે.×કેસની વિગતે વાત કરીએ તો, લગ્નના ચાર વર્ષ પછી મહિલાએ તેના પતિ અને સાસુ-સસરા સામે પ્રોટેક્શન ઓફ વીમેન ફ્રોમ ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ અંતર્ગત હેરાનગતિની ફરિયાદ નોંધાવી હતી અને ભરણપોષણની માગ કરી હતી. મહિલાએ દાવો કર્યો કે, તેના પતિનો વાર્ષિક ૧૫ લાખ ટર્નઓવર કરતો બિઝનેસ છે ઉપરાંત તે રેસિડેન્શિયલ પ્રોપર્ટીઝ અને એસયુવી કારનો માલિક છે. સપ્ટેમ્બર ૨૦૨૨માં મેજેસ્ટ્રિયલ કોર્ટે પત્ની અને દીકરાને ભરણપોષણ ખર્ચ ચૂકવવાનો આદેશ પતિને આપ્યો હતો.પતિએ આ આદેશને પડકારતાં દાવો કર્યો હતો કે, તે પોતાના ભાઈની ફેક્ટરીમાં એક મજૂર તરીકે કામ કરે છે અને દર મહિને તેની પત્નીને ૨૩,૦૦૦ રૂપિયા ચૂકવી શકે તેમ નથી. સાથે જ પત્નીએ સ્છ કર્યું હોવાનું અને ટ્યૂશન દ્વારા કમાણી કરતી હોવાનું કોર્ટમાં જણાવ્યું હતું. જેથી સેશન્સ કોર્ટે બંને પક્ષોની આર્થિક સ્થિતિ ચકાસવાનો નિર્ણય કર્યો હતો. સેશન્સ કોર્ટે નોંધ્યું કે, પતિના આઈટી રિટર્ન જોતાં ખ્યાલ આવે છે કે, તેની આવક યોજનાબદ્ધ રીતે ઓછી દર્શાવાઈ છે. ૨૦૧૩-૧૪માં ૩.૭૪ લાખ આવક હતી જે ઘટીને ૨૦૨૨-૨૩માં ૧.૨૯ લાખ રૂપિયા થઈ ગઈ હતી.૨૦૧૬થી જ આવકમાં ઘટાડો બતાવવામાં આવ્યો હતો. જેજોઈને કોર્ટે કહ્યુ, પત્નીએ પોતાનું સાસરું છોડ્યું ત્યારથી જ ઓછી આવક સાથેનું આઈટી-રિટર્ન ફાઈલ કરવામાં આવેછે. આ વસ્તુ જાણી જોઈને કરવામાં આવી છે કારણકે આઈટી રિટર્ન જોતાં સ્પષ્ટ થાય છે કે, પતિ ૧.૧૦ લાખ રૂપિયા વાર્ષિક વીમા પ્રીમિયમ પેટે આપે છે. ઉપરાંત હાઉસ લોનનું ૩૦,૦૦૦ રૂપિયા ઈએમઆઈ અને ગાડીની લોનનું ૧૪,૦૦૦ રૂપિયા ઈએમઆઈ ભરે છે. અગાઉ તે ઈનકમ ટેક્સ ભરતો હતો.

# ગોધરા માં યોજાયેલ લોક અદાલતમાં ૭૯ કેશોમાં થયેલ સમાધાન

પંચમહાલ જિલ્લા લેબરોજ પ્રેક્ટિસ નર્સ એસોસિએશન ના પ્રમુખ એ.એસ ભોઈ અખબાર યાદીમાં જણાવે છે કે પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટી ન્યુ દિલ્હીના આદેશ અનુસાર ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ ના સૂચન અનુસાર તારીખ ૧૩/૫/૨૩ ના રોજ યોજાયેલ લોક અદાલતમાં ન્યાયાધીશ શ્રી હિતેશકુમાર એ મકા સાહેબની સીધી દેખરેખ હેઠળ ૭૯ કેસો મૂકવામાં જેમાં ૬૧ જેટલા સિવિલ કેશો તથા ૧૮ જેટલા ક્રિમિનલ કેસો નો સમાવેશ કરવામાં આવેલ જે પૈકી સિવિલ કેસમાં રૂપિયા૬૬ લાખ ૧૪ હજાર ૩૦૩ રૂપિયા નુ ચુકવણું તથા ક્રિમિનલ કેસમાં રૂપિયા ૯૦ ૦૦૦ હજાર દંડ વસૂલ કરાયો છે તદઉપરાંત ત્રણ જેટલા કામદારોને નોકરીમાં પુનઃસ્થાપિત કરવામાં આવેલા છે આ લોક અદાલતને સફળ બનાવવા માટે એસોસિએશનના તમામ સભ્યો તેમજ વકીલ મિત્રો તથા સ્ટાફ મિત્રો દ્વારા ખૂબ જ જહેમત ઉઠાવી લોક અદાલત સફળ બનાવી છે એ બદલ બારના ઉપ પ્રમુખ શીતેષ એ ભોઈ તમામ મિત્રોનો ખુબ ખૂબ આભાર વ્યક્ત કર્યો છે.

માનવ તસ્કરી રેકેટનો પર્દાફાશ

# છોકરી સાથે અનેકવાર દુષ્કર્મ આચર્યું; વર્ષમાં ૨ પુરુષો સાથે કરાવાતા હતા લગ્ન

અમદાવાદ: ગુજરાત રાજ્યમાંથી સગીર છોકરીઓના અપહરણ અને વેચાણ સાથે સંકળાયેલા કેસ સતત વધી રહ્યા છે. માનવ તસ્કરી રેકેટની તપાસમાં એક ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો છે. જેમાં ૧૩ વર્ષની છોકરીને છેલ્લા ૮ વર્ષ દરમિયાન લગભગ ૧૫ લોકોને વેચવામાં આવી હતી. આ દરમિયાન ૧૫ લોકો સાથે તેના લગ્ન કરાવાયા હતા અને તેની સાથે જેમના લગ્ન કર્યા એમની ઉંમર અંદાજે ૩૦થી ૪૫ વર્ષ વચ્ચેની હતી. આ તસ્કરી રેકેટની તપાસમાં સામે આવ્યું કે આ છોકરીને ૨ લાખથી ૨.૫ લાખ રૂપિયામાં વેચવામાં આવી હતી. એવો પણ અંદાજો લગાવાઈ રહ્યો છે કે આવી એક નહીં ૮થી વધુ છોકરીઓ આ રેકેટમાં ફસાઈ ચૂકી છે. પોલીસે તપાસ દરમિયાન જણાવ્યું કે માનવ તસ્કરી રેકેટમાં ૧૩ વર્ષની છોકરી (નિશા- નામ બદલ્યું છે) ૮ વર્ષમા ગુજરાતમાં જ ૧૫ પુરુષોને પત્ની તરીકે વેચી દેવામાં આવી હતી. એટલું જ નહીં આ રેકેટમાં મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાનથી શખસો સંડોવાયેલા હોવાની માહિતી મળી રહી છે. જેમાંથી અશોક પટેલ એનો માસ્ટર માઈન્ડ હતો, તેણે એ ૧૩ વર્ષીય છોકરીની મદદથી ગુજરાત રાજ્યમાંથી ૧૫થી વધુ છોકરીઓનું અપહરણ કર્યું હતું. ત્યારપછી તેમને વેચી દીધી હતી.અમદાવાદના કણભા ગામથી ૧૧ મેના દિવસે પોલીસે એક ગુમ થયેલી કિશોરીને શોધી કાઢી હતી. આ દરમિયાન તેણે પોલીસને સમગ્ર ઘટનાક્રમ જણાવ્યો હતો. તેવામાં ૧૩ વર્ષીય નિશાની માહિતી પણ મળી હતી. હવે પોલીસ આ રેકેટની પહેલી પીડિતા નિશાની તપાસ કરી રહી છે. કારણ કે નિશાની સાથે અમાનવીય કૃત્ય થયું હતું. એટલું જ નહીં તે આસપાસના વિસ્તારોમાંથી ઘણી છોકરીઓનું અપહરણ થયું એની પણ સાક્ષી રહી ચૂકી છે. જેથી જો નિશાની તપાસ પોલીસને થઈ જાય તો આગળ અન્ય પીડિતાઓને બચાવી શકાય છે.અમદાવાદ જિલ્લાના કણભા ગામમાંથી ૧૧ મેના રોજ ગુમ થયેલી છોકરીને પોલીસે શોધી હતી. આ દરમિયાન માનવ તસ્કરીના આ રેકેટનો પર્દાફાશ થયો હતો. પોલીસે જયારે આ છોકરીને બચાવી ત્યારે માનવ તસ્કરી રેકેટને ચલાવતા મુખ્ય આરોપીઓના નામ સામે આવ્યા હતા. તેમાં અશોક પટેલ તેની પત્ની રેણુકા અને તેના પુત્ર રૂપલ મેકવાનનું નામ સામે આવ્યું હતું. આ ત્રણેય ઓઢવના રહેવાસીઓ છે.કાર્યવાહી કરી માનવ તસ્કરી રેકેટનો પર્દાફાશ થતા માસ્ટર માઈન્ટ અશોક પટેલના અન્ય ગેંગ મેમ્બરોની ધરપકડ થઈ હતી. પોલીસે મોતી સેનમા, અમરતજી ઠાકોર, ચેહરસિંહ સોલંકીની ધરપકડ કરી લીધી છે. પોલીસને તપાસમાં જાણવા મળ્યું કે ગુજરાતમાં આ માનવ તસ્કરીનું રેકેટ છે એ વધારે ફેલાઈ ગયું છે. હજુ તો શરૂઆતી તબક્કાની કામગીરીમાં આ પ્રમાણે માહિતી સામે આવી છે. તો આગળ જતા પોલીસને ખાતરી છે કે અનેક મોટા ઘટસ્ફોટો થઈ શકે છે.અશોક પટેલે અમદાવાદથી નિશાનું અપહરણ કર્યું હતું. ત્યારપછી આ માનવ તસ્કરી રેકેટમાં તેને પણ સામેલ કરવા માટે આ ગેંગના સભ્યોએ તમામ હદો વટાવી નાખી હતી. પ્રાપ્ત વિગતો પ્રમાણે નિશા (પીડિતાનું નામ બદલ્યું છે) આ માનવ તસ્કરી રેકેટમાં મદદ કરવા માટે ટકોર કરાઈ હતી. જોકે તેણે ના પાડતા આ રેકેટના માસ્ટર માઈન્ડ અશોક પટેલે તેની સાથે બળજબરી પૂર્વક શારિરીક સંબંધો બાંધ્યા. એટલું જ નહીં તેને ટોર્ચર કરી અનેક વાર સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્યુ આચર્યું હતું.વર્ષમાં ૨ પુરુષો સાથે લગ્ન કરાવતા

વિગતો પ્રમાણે વર્ષમાં ૨ વાર આ છોકરીને ૩૦થી ૪૫ વર્ષના લોકો સાથે તેના લગ્ન કરાવાતા હતા. આ પ્રમાણે તેની સાથે લગભગ ૨૦૧૫થી થઈ રહ્યું છે. ત્યારપછી નિશાની મદદથી તેઓ આસપાસના વિસ્તારની અન્ય છોકરીઓનું પણ અપહણ કરતા હતા. પોલીસ અત્યારે અશોકે મુંબઈમાં અઢળક રૂપિયા આપી જે છોકરીને વેચી હતી તેની શોધખોળ શરૂ કરી હતી. અશોકના તાર રાજસ્થાન અને મહારાષ્ટ્રના માનવ તસ્કરી કરી રહેલી ગેંગ સાથે હોવાનું પણ સામે આવ્યું છે.




ન્યુજર્સી ખાતે 'ગુજરાત દર્પણ' માસિકના પ્રણેતા શ્રી સુભાષભાઈ શાહે આજે એમની ઓફિસમાં મારાં સંન્માનમાં કવિતા પાઠ તેમજ રેડિયો ઈંટરવ્યુ પ્રયોજ્યૉ હતો..જેમાં આણંદના અનેક એક્જ્યુકેશન સંસ્થાના ડીરેક્ટર શ્રી રમણ ભાઈ પટેલ , નવનીત ભાઈ શાહ, વિજય ઠક્કર, મોહિત સુરા સહિત સાહિત્યકારો રણધીર નાયક, મુકેશ પરીખ, ડો અમ્રુત હજારી તેમજ ફોટોગ્રાફર ઈકબાલ બોઝ, તથા મૂળ દાહોદના હરિશ શાહ દંપતી, વીરપુરના પરેશ ભાઈ નિશા બહેન તથા અનેક શ્રોતાઓએ સતત એક કલાક મારા કાવ્યપાઠનો તથા મન્નાડેના ગીતોનો આનંદ માણ્યો હતો..આ કાર્યક્રમમાં સુભાષ શાહ દ્વારા ગુજરાત દર્પણનું સંમાન પત્ર પણ આપવામાં આવ્યું હતું..બે પુસ્તકોના વિમોચન પણ યોજાયો..આજ રોજ અમેરિકાના કાર્યક્રમની હારમાળા વિશેષ સંન્માન રૂપે યોજાઈ હતી.

સતીન દેસાઈ પરવેઝ દીપ્તિ 'ગુરૂ'

# બાબાના ચકકરમાં લાખો ગુમાવ્યા: માનસિક અશાંતિ દૂર કરવાની લાલચ આપી ૨.૭૩ લાખ પડાવ્યા

(એ.આર.એલ),રાજકોટ,તા.૨૨

ટીવીમાં ચમત્કારી તાંત્રિક જયોતિષીની જાહેરાત જોઈ તેના ચક્કરમાં ફસાઈ પોતાની માનસિક અશાંતિ દૂર કરવા ગયેલી એક મહિલાને ૨.૭૩ લાખ રુપિયા ગુમાવવાનો વારો આવ્યો હતો. રાજકોટ શહેરના ભક્તિનગર પોલીસમાં આ અંગે પોતાને ચમત્કારી તાંત્રિક જયોતિષ બાબા ગણાવતા ઈશ્વર રાધાવલ્લભ જોષી વિરૂધ્ધ વિશ્વાસઘાત, છેતરપીંડીની ફરિયાદ નોંધાઈ હતી જેને આજ રોજ એક મહિના બાદ ભક્તિનગર પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે.

ટીવીમાં તાંત્રિક વિધિ અંગે જાહેરાત આપી માનસિક અશાંતિને દૂર કરી દેવાની લાલચ આપી ખોટી વિધિ કરવાના બહાને છેતરપિંડી અને વિશ્વાસઘાત કરનાર આરોપી ઈશ્વર જોશી (ઉ.વ.૨૪) મૂળ રાજસ્થાનનો વતની હોવાનું પોલીસ તપાસમાં સામે આવતા પોલીસે અલગ-અલગ દિશામાં તપાસ હાથ ધરી ફરિયાદીની ફરિયાદ આધારે મળેલ સંપર્ક નંબર તેમજ ટેક્નિકલ સોર્સીસ મદદથી રાજસ્થાનના પાલી શહેર ખાતે આંબેડકરનગર વિસ્તારમાં આવેલ તેમના નિવાસ્થાનેથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ પકડથી બચવા આરોપી મોબાઈલ ફોન બંધ રાખતો હતો. જો કે, તેમના નિવાસ્થાને આવ્યો હોવાની ચોક્કસ હકીકત બાતમી આધારે પોલીસની એક ટીમ રાજસ્થાન પહોંચી આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટના કોઠારીયા રોડ પરની મહાત્મા ગાંધી સોસાયટી શેરી નં-૧માં રહેતી ભાવનાબેન કનુભાઈ વાઘેલા (ઉ.વ.૪૧)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેને સંતાનમાં બે પુત્રો છે. પતિ ડ્રાઈવિંગ કામ કરે છે. ચાર-પાંચ વર્ષ પહેલા તેનું એક્સિડન્ટ થતાં માથામાં ઈજા થવા પામી હતી ત્યારથી દર વર્ષે વધુ પડતી ગરમી અને વધુ પડતી ઠંડી પડવાથી તેને માનસિક અશાંતિ રહેતી હતી અને આ તકલીફ છેલ્લા ૧૦ મહિનાથી વધી ગઈ હતી. ગત વર્ષે નવેમ્બર મહિનામાં ઘરે ટીવી જોતી હતી ત્યારે એક ગુજરાતી ચેનલ ઉપર ચમત્કારી તાંત્રિક જયોતિષીની જાહેરાત જોઈ હતી. જેમાં જણાવેલા મોબાઈલ નંબર ઉપર પરિવારજનોને જાણ કર્યા વગર કોલ કરતાં સામેથી પોતાને ચમત્કારી તાંત્રિક બાબા ગણાવનારે પોતાનું નામ ઈશ્વર જોશી આપ્યું હતું. જેને પોતાની સમસ્યાઓ વર્ણવી કે, મને ખૂબજ બેચેની રહે છે, અમારા ધંધા ચાલતા નથી, ઘરમાં સુખ શાંતિ રહેતી નથી. જે વાત સાંભળી ઈશ્વર જોષીએ કહ્યું કે, હું તમારી બધી મુશ્કેલીઓ દૂર કરી દઈશ. જે માટે હું વિધિ ચાલુ કરીશ. તમારે પ્રથમ રૂ. ૨૫૦૧ આપવા પડશે. જેથી તેણે ઓનલાઈન આ રકમ મોકલી ત્યારબાદ અવારનવાર તેને કોલ કરી જુદી-જુદી વીધી કરી રહ્યાનું કહી કટકે-કટકે રૂ. ૨.૭૩ લાખ પડાવ્યા હતા. જે રકમ તેની અંગત બચતની હતી. એટલું જ નહીં દાગીનાઓ ગીરવે મુકી ગોલ્ડ લોન લઈ તે રકમ પણ ચુકવી દીધી હતી. આમ છતાં માનસિક બેચેની કે ધંધામાં કોઈ ફાયદો નહીં થતાં અવારનવાર ઈશ્વર જોષીનો સંપર્ક કરતા હતા. આખરે તેણે કહ્યું કે હવે છેલ્લી વિધિ બાકી છે જેના તમારે રૂ. ૩૫૦૦૦ આપવા પડશે. જેથી તમારું બધુ કામ પુરુ થઈ જશે પરંતુ, હવે રૂપિયા બચ્યા ન હોવાથી આપ્યા ન હતા. આખરે પોતાને છેતરાઈ ગયાનો અહેસાસ થયો હતો. જેથી ઈશ્વર જોષી પાસેથી તેનું સરનામું માંગતા આપ્યું ન હતું. માત્ર એટલું કહ્યું કે તમે ભરૂચ રેલ્વે સ્ટેશને આવી મને કોલ કરો એટલે મારો માણસ તમને લઈ જશે. આ પછી તેના કોલ ઉપાડવાનું પણ બંધ કરી દીધું હતું. જેથી પરિવારજનોને વિગતો જણાવ્યા બાદ ફરિયાદ નોંધાવી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4